CMYK CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૬   મંગળવાર તા.૧૮-૦૮-૨૦૨૬   અંક : ૧૯૫ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# પિકઅપ-ડમ્પરની ટક્કરથી ગ્વાલિયર હાઈ-વે રક્તરંજિત

## ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે-૭૧૯ પર મધ્યરાત્રીએ થયો ગમખ્વાર અકસ્માત, ગાયોને બચાવવા જતાં છીનવાઈ ૮ જિંદગી

ગ્વાલિયર,

મધ્ય પ્રદેશના ભિંડ-ગ્વાલિયર નેશનલ હાઈવે-૭૧૯ પર સોમવાર અને મંગળવારની મધ્યરાત્રિએ એક અત્યંત કરૂણ અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. છીમકા ગામ નજીક શ્રમિકોથી ભરેલી પિકઅપ ગાડી અને સામેથી આવી રહેલા ઝડપી ડમ્પર વચ્ચે ધડાકાભેર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૮ કમનસીબ શ્રમિકએ સ્થળ પર જ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જ્યારે ૩૨ જેટલા શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થતાં વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ દર્દનાક અકસ્માત રાત્રે આશરે ૧ વાગ્યાની આસપાસ બન્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવેલા તથ્યો મુજબ, હાઈવે પર અચાનક રસ્તા વચ્ચે બેઠેલા ગાયોના ટોળાને બચાવવાનો પ્રયાસ કરતી વખતે પિકઅપ ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું અને સામેથી પૂરપાટ ઝડપે આવતા ડમ્પર સાથે ગાડી અથડાઈ પડી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે પિકઅપનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અડધી રાત્રે ચીસિયારોથી આખો હાઈવે ગૂંજી ઊઠ્યો હતો. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તમામ શ્રમિક ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના વતની હતા. તેઓ ડાંગરની રોપણી (ધાન કી રોપાઈ)નું મજૂરી કામ પૂરું કરીને પોતાના વતન અને પરિવાર પાસે પરત ફરી રહ્યા હતા. પરંતુ કાળની ક્રૂરતા સામે તેઓ પોતાના ઘરે પહોંચે તે પહેલા જ આ માર્ગ અકસ્માતે તેમના પરિવારના માળખાં વિખેરી નાખ્યા છે.

ઘટનાની જાણ થતાં જ ગોહદ ચોરાહા થાણા પોલીસ ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી.

સ્થાનિક ગ્રામજનોની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢીને તાત્કાલિક ગોહદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકોને વધુ સારવાર અર્થે ગ્વાલિયર રેફર કરવામાં આવ્યા છે. હાલમાં તમામ ૮ મૃતકોના શબને મોર્ચરીમાં રાખીને તેમની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઈ૧૦ પેટ્રોલ પાછું લાવો : મોદીના આર્થિક સલાહકારની ભલામણ

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જૂની ગાડીઓ માટે ઈ-૧૦ પેટ્રોલ પાછું લાવવાનું સૂચન કર્યું છે. આ સૂચન ત્યારે આવ્યું છે જ્યારે આખા દેશમાં ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. જો કે ઈથેનોલ ઈન્ડસ્ટ્રીઝે તેમના આ સૂચનનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ નિર્ણય કંઈ રાતોરાત લેવાયો નથી. એકદમ વૈજ્ઞાનિક અભ્યાસ પછી આ નિર્ણય લેવાયો છે. આર્થિક સલાહકાર અનંત નાગેશ્વર દ્વારા ઈ-૧૦ પેટ્રોલની તરફેણ કરવામાં આવતા મોદી સરકારમાં નાણાં અને પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક મંત્રાલય વચ્ચેના મતભેદો સામે આવી ગયા છે.

સરકારના મુખ્ય આર્થિક સલાહકાર નાગેશ્વરને જણાવ્યું હતું કે પેટ્રોલ પંપ પર ઈ-૨૦ પેટ્રોલ ખરીદવાના વિકલ્પની સાથે-સાથે ઈ-૧૦ની સગવડ પણ ફરી શરૂ કરાતા લોકોની ચિંતા ઘટશે. ઈથેનોલનો કુલ ઉપયોગ વધવાના બદલે ઘટશે અને રેટ્રોફિટ પ્રોગ્રામ આગળ વધવાથી વર્તમાન ગાડીઓને સુરક્ષિત રાખી શકાશે. તેમણે જણાવ્યું હતું કે તેનાથી વ્યવહારિક સમાધાન નીકળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે ભારતના સાતથી આઠ કરોડ વાહનો ઈ-૧૦ ઈથેનોલ પેટ્રોલ માટે યોગ્ય છે. આવા વાહનો ઈ-૨૦ ઈથેનોલ મિશ્રણવાળા પેટ્રોલ માટે બનાવાયા ન હતા. અહીં વાત ફક્ત માઈલેજની નથી.

# ભાવનગરમાં SEBIના દરોડા, રૂ.૧,૫૦૦ કરોડના SMS સ્ટોક ટીપ કૌભાંડમાં હનીફ શેખની શોધખોળ

ભાવનગર,તા.૧૮

ભાવનગરના હનીફ શેખ ઉર્ફે ખાટકીની શોધમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા છેલ્લા ૭ વર્ષમાં સૌથી મોટા "પંપ-એન્ડ-ડમ્પ' થકી રૂપિયા ૧,૫૦૦ કરોડના એસએમએસ સ્ટોક ટીપ કૌભાંડની તપાસ ગુપ્તરાહે ચાલી રહી છે. ત્રણ વર્ષ અગાઉ પણ સેબી દ્વારા અને બાદમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇ.ડી.) દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

ભાવનગરના આતાભાઈ રોડ પર આવેલા ઈવા-૧ કોમ્પલેક્સમાં આવેલી ઈકોનો બ્રોકિંગ પ્રા. લિ.ની ઓફિસ નં.૧૦૫થી ૧૧૨ ખાતે સોમવારે સવારથી જ સેબીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે, એક ટુકડી હનીફ શેખના જૂની અજય ટોકિઝ નજીક આવેલા નિવાસસ્થાને પણ ચકાસણી માટે ગઈ હતી. સોમવારે મોડી રાત સુધી ચાલેલી સેબીની તપાસમાં અધિકારીઓને વાંધાજનક સાહિત્ય મળી આવ્યુ હોવાનું પણ જાણવા મળેલ છે, અને સેબીની કાર્યવાહી મંગળવારે પણ ચાલુ રહેવાની હોવાની સંકેતો સાંપડી રહ્યા છે.

અગાઉ સેબીને તેના ઓનલાઈન ફરિયાદ પ્લેટફોર્મ પર સંખ્યાબંધ રોકાણકારોની ફરિયાદો મળી ત્યારે આ રેકેટ વિશે ચેતવણી આપવામાં આવી હતી. રેગ્યુલેટરની પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું હતું કે કૌભાંડમાં બલ્ક એસએમએસ દ્વારા સ્ટોક ટિપ્સ સામેલ હતી.

# શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટને યુપી સરકારે સોંપ્યો SITનો ફાઈનલ રિપોર્ટ

## રામ મંદિર ટ્રસ્ટની વિનંતી પર ઉત્તર પ્રદેશની યોગી સરકારે ૧૩ જૂને ત્રણ સભ્યોની SITની રચના કરી હતી

અયોધ્યા,

અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરના ચઢાવામાં કથિત ચોરી સાથે જોડાયેલા મામલામાં ઉત્તર પ્રદેશ સરકારે પ્રથમ વિશેષ તપાસ ટીમ (SIT)નો અંતિમ રિપોર્ટ શ્રીરામ જન્મભૂમિ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપી દીધો છે.

આ એ જ તપાસ રિપોર્ટ છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર નવી જીૈંની રચના થાય તે પહેલાં તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે સોમવારે આ અંગે માહિતી આપી હતી. પ્રથમ SITએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં જે મુદ્દાઓ અને ભલામણોનો ઉલ્લેખ કર્યો હતો, તેના આધારે જ આ કેસમાં FIR સહિત આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ચઢાવાની કથિત ચોરીનો મામલો ચર્ચામાં આવ્યા બાદ રામ મંદિર ટ્રસ્ટની વિનંતી પર ઉત્તર પ્રદેશની યોગી સરકારે ૧૩ જૂને લખનૌના મંડલાયુક્ત વિજય વિશ્વાસ પંતની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની SITની રચના કરી હતી. આ SITમાં લખનૌ રેન્જના IG કિરણ એસ અને વિશેષ સચિવ નીલ રતન કુમારને સભ્ય બનાવવામાં આવ્યા હતા. ૧૫ દિવસની સમયમર્યાદા બાદ SITએ ૨૩ જૂને અપર મુખ્ય સચિવ ગૃહ સંજય પ્રસાદને પોતાનો પ્રારંભિક અહેવાલ સોંપ્યો હતો.

SITની તપાસ દરમિયાન ૨૫ જૂને શ્રીરામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી હતી. ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની લેખિત ફરિયાદના આધારે અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર યાદવ ઉર્ફે ટિન્નુને નામજદ આરોપી બનાવવામાં આવ્યા હતા.

### SIT રિપોર્ટમાં ચંપત રાય અને અનિલ મિશ્રાને ક્લીનચીટ

અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરી વિવાદ વચ્ચે, ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયને ક્લીન ચીટ આપવામાં આવી છે. ચંપત રાયની સાથે ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાને પણ ક્લીન ચીટ આપવામાં આવી છે. આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ પોતાનો અંતિમ રિપોર્ટ સરકારને સુપરત કર્યો છે અને આગળની કાર્યવાહી માટે તેને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપવામાં આવ્યો છે.જોકે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા તપાસ હજુ પણ ચાલુ છે.

# ઝારખંડ સરકારનો નિર્ણય: ૨૦૧૪થી આયોજિત તમામ આઉટસોર્સિંગ પરીક્ષાઓ, પરિણામો રદ

## જેએસએસસી અને સીજીએલ પરીક્ષાઓ રદ કરવાની સાથે ભવિષ્યની પરીક્ષા પ્રણાલિમાં સુધારા માટે સમિતિની રચના કરવામાં આવી

રાંચી,

નીટને લઈને વિદ્યાર્થીઓના આંદોલન સામે જેમ કેન્દ્ર સરકાર ઝૂકી તે જ રીતે ઝારખંડમાં હેમંત સોરેન સરકાર પણ વિદ્યાર્થીઓના આંદોલન આગળ ઝૂકી હતી અને આઉટસોર્સિંગ એજન્સી ટીએસઆર ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ (ટીડીપીએલ) દ્વારા કરાવવામાં આવેલી પરીક્ષાઓ, જારી કરાયેલા પરિણામ અને પસંદ થયેલા અરજદારો સાથે જોડાયેલી આખી પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય લીધો છે.

હેમંત સોરેન સરકારના પરીક્ષા રદ કરવાના આ નિર્ણયમાં જેએસએસસી અને સીજીએલ પરીક્ષાનો પણ સમાવેશ થાય છે.



મુખ્યમંત્રી હેમંત સોરેને જણાવ્યું હતું કે ટીડીપીએલ દ્વારા ૨૦૧૪થી આયોજિત બધી જ પરીક્ષાઓ અને પ્રકાશિત પરિણામો રદ કરવામાં આવે છે .સરકારના આ નિર્ણય પછી ભરતી પરીક્ષાઓ સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. કેબિનેટની ખાસ બેઠક પછી મુખ્યમંત્રી હેમંત સોરેને જણાવ્યું હતું કે સરકારે સમગ્ર મામલાના બધા પાસાઓ પર વિચાર કર્યા પછી આ નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યું હતું કે આ વિવાદનો અંત લાવવા માટે અમે આ ખાસ બેઠક કરી હતી. આ વિશેષ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયના પગલે ટીડીપીએલના માધ્યમથી આયોજિત પરીક્ષાઓ, તેના પરિણામ અને પસંદગીની પ્રક્રિયા રોકાઈ ગઈ છે. સરકારના આ પગલાંન ભરતી પરીક્ષામાં પારદર્શકતાની માંગ કરતાં અરજદારોના આંદોલન માટે મહત્ત્વનો નિર્ણય માનવામાં આવે છે. હેમંત સોરોને કેબિનેટના અન્ય નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે કેબિનેટે જેએસએસસી-સીજીએલને પણ રદ કરવાનો નિર્ણય લીધો. આ પરીક્ષાઓને લઈને અરજદારોમાં લાંબા સમયથી નારાજગી હતી. પરીક્ષા અને ભરતી પ્રક્રિયાને લઈને ઉઠી રહેલા સવાલો વચ્ચે સરકારના આ નિર્ણય પછી આંદોલન કરતાં અરજદાર વિદ્યાર્થીઓમાં આનંદ છવાઈ ગયો હતો. જેપીએસસી-જેએસએસસીના બધા અરજદાર ભાવુક દેખાયા. તેમણે આ નિર્ણયને તેમના આંદોલનનો વિજય ગણાવ્યો હતો. સીએમ હેમંત સોરોને સ્પષ્ટ કર્યુ હતું કે તપાસનું કાર્યક્ષેત્ર ફક્ત તાજેતરની પરીક્ષાઓ સુધી જ સીમિત નહીં હોય. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪થી થયેલી બધી નાની મોટી ભૂલો અને અનિયમિતતાની તપાસ થશે.

# ભારતની ચૂંટણી સિસ્ટમથી ટ્રમ્પ પ્રભાવિત

## અમેરિકામાં પણ ભારતીય મોડલ અપનાવી, વોટર ID કાર્ડ ફરજિયાત બનાવવાની હિમાયત કરી, 'સેવ અમેરિકા એક્ટ' પસાર સૂચન,ફક્ત US નાગરિકો જ મતદાન કરી શકે

વોશિંગટન,

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચૂંટણી પ્રણાલીના ભરપૂર વખાણ કર્યા છે. તેમણે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરી જણાવ્યું કે, ભારતમાં ૬૪.૬ કરોડ મતદારોએ ૧%થી ઓછા પોસ્ટલ વોટ સાથે મતદાન કર્યું. ટ્રમ્પે અમેરિકામાં પણ ભારતીય મોડલ અપનાવી, વોટર ID કાર્ડ ફરજિયાત બનાવવાની હિમાયત કરી છે. તેમણે 'સેવ અમેરિકા એક્ટ' પસાર કરવા કોંગ્રેસને વિનંતી કરી, જેથી ફક્ત US નાગરિકો જ મતદાન કરી શકે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચૂંટણી પ્રણાલી અને વોટિંગ પ્રક્રિયાના વખાણ કર્યા છે. આ ઉપરાંત તેમણે અમેરિકામાં પારદર્શી અને સલામત ચૂંટણીઓ યોજવા માટે ભારતીય મોડલમાંથી પ્રેરણા લઈ દેશમાં 'વોટર આઈડી કાર્ડ' ફરજિયાત બનાવવાની જોરદાર હિમાયત કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ભારતમાં વિશાળ વસ્તી અને ભૌગોલિક વિવિધતા હોવા છતાં અત્યંત વ્યવસ્થિત રીતે સુચારુ અને પારદર્શી ચૂંટણીઓનું આયોજન કરવામાં આવે છે.ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમારા વહીવટને પૂછ્યું, તમે માન્ય ફોટો ID વિના અમેરિકામાં ચૂંટણી કેવી રીતે કરાવી શકો છો? ભારતમાં છેલ્લી ચૂંટણીમાં ૬૪.૬ કરોડ મતદારો હતા, જેમાં એક ટકાથી ઓછા લોકોએ પોસ્ટ દ્વારા મતદાન કર્યું હતું અને દરેક મતદાર પાસે માન્ય ફોટો ઓળખ દસ્તાવેજ હોવો જરૂરી હતો.' અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસને 'સેવ અમેરિકા બીલ' ઝડપથી પસાર કરવા વિનંતી કરી, જે યુએસ ફેડરલ ચૂંટણીઓમાં નાગરિકતા અને માન્ય ઓળખના પુરાવાને ફરજિયાત બનાવવાનો પ્રયાસ કરે છે, જેથી ફક્ત યુએસ નાગરિકો જ મતદાન કરી શકે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન બાદ અમેરિકાના રાજકીય વર્તુળોમાં નવેસરથી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

# ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા ૫૭૬ પહોંચી

## વર્ષ ૨૦૨૬ માં ૧૦૦ કરોડ કે તેથી વધુની વાર્ષિક આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યા ૩૯ ટકા વધી

નવીદિલ્હી,

ભારતમાં ઉચ્ચ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં ઝડપી વધારો જોવા મળી રહ્યો છે.એસબીઆઈ રિસર્ચના અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૬ માં ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુની વાર્ષિક આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યા ૩૯ ટકા વધીને ૫૭૬ થઈ ગઈ છે. એક વર્ષ અગાઉ, આકારણી વર્ષ ૨૦૨૫ માં, આ સંખ્યા ૪૧૫ હતી. આ વધારો દેશમાં વધતી આવક, વ્યવસાય વિસ્તરણ અને આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાનો સ્પષ્ટ સંકેત છે.

અહેવાલ દર્શાવે છે કે માત્ર અતિ-ઉચ્ચ આવક જૂથ જ નહીં, પરંતુ ૧ કરોડ કે તેથી વધુની આવક નોંધાવનારા કરદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૬ માં આ શ્રેણીમાં કરદાતાઓની સંખ્યા વધીને ૫૩૫,૬૭૨ થઈ ગઈ છે, જે આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૭૧,૪૧૯ હતી. આ શ્રેણીમાં વાર્ષિક ધોરણે ૧૪% નો વધારો દર્શાવે છે.

અહેવાલ મુજબ, ટોચના આવક જૂથમાં વૃદ્ધિની ગતિ વ્યાપક ઉચ્ચ-આવક જૂથ કરતા ઘણી ઝડપી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધઘટ થઈ છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ફક્ત ૧૪૨ કરદાતાઓ હતા. ત્યારબાદ આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૩૦૧ થઈ ગઈ, જે ૧૧૨% નો મોટો વધારો દર્શાવે છે. જોકે, આકારણી વર્ષ ૨૦૨૪ માં, આ સંખ્યા થોડી ઘટીને ૨૮૪ થઈ ગઈ. જોકે, વૃદ્ધિ ફરી વધીને આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૧૫ અને આકારણી વર્ષ ૨૦૨૬ માં ૫૭૬ થઈ ગઈ.

૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ૧૯૩,૮૦૦ કરદાતાઓ હતા.

આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૨૬૯,૧૮૪ થઈ ગઈ. આકારણી વર્ષ ૨૦૨૪ માં, તે ૩૪૯,૯૭૪ પર પહોંચી ગઈ.

# ૧૪ રાજ્યોમાં ઓપરેશનમાં શહઝાદ ભટ્ટી નેટવર્ક સાથે સંકળાયેલા ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓ દ્વારા લેવામાં આવેલી મોટી કાર્યવાહીની માહિતી આપી

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાનના શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે. તેમણે કહ્યું કે ૧૪ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલા સંકલિત ઓપરેશનમાં ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને આતંકવાદી હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવવામાં આવી હતી.

શાહે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે મોદી સરકારે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠન શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે અને વિનાશક હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી છે. ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર, ઓપરેશન દરમિયાન ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો,પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરી સાથે ચિહ્નિત ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત દારૂગોળો અને જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા સીસીટીવી કેમેરા મળી આવ્યા હતા. ગૃહમંત્રી શાહે કહ્યું કે આ રાષ્ટ્રવ્યાપી કાર્યવાહી આતંકવાદ સામે ભારતની "ઝીરો ટોલરન્સ" નીતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે નેટવર્ક અસંખ્ય આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતું.દેશના અનેક ભાગોમાં ભટ્ટી સાથે જોડાયેલા મોડ્યુલોની ચાલી રહેલી તપાસ વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. ૨૫ જુલાઈના રોજ, આસામ પોલીસે જાહેરાત કરી હતી કે તેની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ધુબરી, ચિરાંગ અને બારપેટા પોલીસ સાથે મળીને પાકિસ્તાન સ્થિત નેટવર્ક સાથે જોડાયેલા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. ગુપ્ત માહિતીના આધારે ૨૪ જુલાઈના રોજ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે કામગીરી દરમિયાન પાંચ મોબાઈલ ફોન, સાત સિમ કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક, ડેબિટ કાર્ડ અને અન્ય દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

CMYK CMYK

# શાળામાં અભ્યાસ કરતી ૧૦ લાખથી વધુ દીકરીઓને મળશે મફત સેનેટરી નેપકીનઃ રૂ. ૪૬ કરોડથી વધુનું બજેટ મંજૂર કરતી ગુજરાત સરકાર

## સરકારી શાળાની દીકરીઓને પ્રતિમાસ રૂ.૩૦ લેખે વિનામૂલ્યે ઓક્સો- બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકીન અપાશે

ગાંધીનગર,

રાજ્યની સરકારી શાળાઓમાં દીકરીઓની હાજરી વધારવા અને માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા જાળવવાના હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ પહેલ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાના નેતૃત્વ હેઠળ રાજ્યની સરકારી ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ધોરણ-૬ થી ૧૨ની કુલ ૧૦



લાખથી વધુ દીકરીઓ માટે રૂ. ૪૬.૬૮ કરોડના ખર્ચે 'મફત સેનેટરી નેપકીન વિતરણ'ની સુવિધા સુનિશ્ચિત કરાઈ છે. આ પહેલ હેઠળ સરકારી શાળાઓની દરેક દીકરી દીઠ વાર્ષિક રૂ.૩૬૦ની બજેટ જોગવાઈ સાથે દર મહિને ગુણવત્તાયુક્ત ઓક્સો-બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકીન વિનામૂલ્યે આપવામાં આવશે.

શાળાઓમાં સરળ વિતરણ અને સુચારુ વ્યવસ્થા માટે શિક્ષણ વિભાગની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીનીઓને શાળાઓમાં જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત 'ઓક્સો-બાયોડિગ્રેડેબલ સેનેટરી નેપકીન' ઉપલબ્ધ કરાવવામાં આવશે. દીકરીઓ કોઈપણ જાતનો સંકોચ, શરમ કે ખચકાટ અનુભવ્યા વિના આરામદાયક વાતાવરણમાં નેપકીન મેળવી શકે તેવી સુવિધાસભર વ્યવસ્થા શાળામાં ગોઠવવામાં આવશે.

'મફત સેનેટરી નેપકીન'ના પ્રત્યક્ષ અમલીકરણ અને વિતરણની દેખરેખ માટે શાળાના જ મહિલા શિક્ષકને 'નોડલ શિક્ષક' તરીકેની મુખ્ય જવાબદારી સોંપવામાં આવશે, જેથી દીકરીઓ તેમની સાથે મુક્તપણે ચર્ચા કરી શકે. આ ઉપરાંત મહિલા શિક્ષક દ્વારા કન્યાઓને શારીરિક સ્વચ્છતા અને માસિક ધર્મ અંગે સાચી તથા વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવશે, જેથી તેમના મનમાંથી ભય અને ગેરમાન્યતાઓ દૂર થાય તેમજ શિક્ષણ પ્રત્યે આત્મવિશ્વાસ વધે.

વધુમાં શાળાઓને વપરાયેલા નેપકીનનો નિકાલ સંપૂર્ણપણે 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' મુજબ કરવાનો રહેશે. પેડ્સને કાગળમાં લપેટીને ભીના-સૂકા કચરાથી અલગ રાખવા, ખુલ્લામાં કે ટોયલેટમાં ન ફેંકવા અને સ્થાનિક કચરા સંગ્રહ વ્યવસ્થાને સોંપવાનો રહેશે .

# ડિજિટલ અરેસ્ટ ગેંગનો મુખ્ય નાણાકીય વહિવટદાર રફીકુલ આલમ આસામના બારપેટાથી ઝડપાયો

ગાંધીનગર,

દેશના અલગ અલગ રાજ્યોમાં લોકોને ડરાવીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરતી આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગના મુખ્ય નાણાકીય વહિવટદાર તરીકે ઓળખાતા અને આસામના બારપેટામાં રહેતા રફીકુલ આલમ મહંમદ અલીને ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ઝડપી પાડ્યો છે.

આ બાબતે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ ગેંગ દ્વારા બનાવટી પોલીસ અધિકારીઓ તથા સુપ્રીમ કોર્ટના બનાવટી લેટરનો ઉપયોગ કરીને લોકોને ડરાવવામાં આવતા હતા. ભોગ બનનારને તેમના વિરુદ્ધ ગંભીર ગુનો નોંધાયો હોવાનું કહી વીડિયો કોલ મારફતે 'ડિજિટલ અરેસ્ટ' કરવામાં આવતા હતા. ડિજિટલ અરેસ્ટ દરમિયાન ભોગ બનનાર પાસેથી બેંક ખાતાની વિગતો મેળવવામાં આવતી હતી અને વિવિધ બેંક ખાતાઓમાં રૂપિયા ટ્રાન્સફર કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. આ રીતે છેતરપિંડીથી મેળવેલા નાણાંને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરી ચાઈનીઝ ગેંગના સભ્યો સુધી પહોંચાડવામાં આવતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ગાંધીનગર સાયબર સેન્ટરને એક સિનિયર સિટિઝન ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યા હોવાની માહિતી મળતા પોલીસે તેમની કાઉન્સેલિંગ કરી ટેકનિકલ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એકસાથે ચાલી રહેલા આશરે ૧૦ જેટલા ડિજિટલ અરેસ્ટના કેસ સામે આવ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ભોગ બનનાર લોકોના ઘરે પહોંચી તેમને ડિજિટલ અરેસ્ટની છેતરપિંડીમાંથી બચાવ્યા હતા.

આ કેસમાં પોલીસે ટેકનિકલ તપાસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે છેતરપિંડીના નાણાંની હેરફેર અંગે તપાસ શરૂ કરી હતી. બેંક ખાતાઓ, નાણાકીય વ્યવહારો તથા ક્રિપ્ટોકરન્સી ટ્રાન્ઝેક્શનની કડીઓ જોડતા સમગ્ર નાણાકીય નેટવર્કના મુખ્ય સૂત્રધાર તરીકે રફીકુલ આલમ મહંમદ અલી, બારપેટા, આસામની ઓળખ થઈ હતી.ત્યારબાદ પોલીસે રફીકુલ આલમને ઝડપી પાડી તેની પૂછપરછ શરૂ કરી છે.

# સાણંદના મોટી દેવતી ગામે દીપડો દેખાયો; વન વિભાગે ગોઠવ્યું પાંજરું

## વન વિભાગની ટીમો મોડી રાત્રે સ્થળ પર પહોંચી ગઈ હતી અને દીપડાની હિલચાલની પુષ્ટિ કરી

અમદાવાદ,

સાણંદ નજીક આવેલા મોટી દેવતી ગામે દીપડાના પગલાંના સ્પષ્ટ નિશાન મળ્યા બાદ વન વિભાગની ટીમ તાત્કાલિક અસરથી સક્રિય બની છે. આ ઘટના બાદ વન વિભાગે તકેદારીના ભાગરૂપે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવી દીધું છે અને તેને ઝડપી લેવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સાણંદથી આશરે ૧૨ કિલોમીટર દૂર કડી-વિરમગામ રોડ તરફના વિસ્તારમાં દીપડાના પગલાં જોવા મળ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમો મોડી રાત્રે સ્થળ પર પહોંચી ગઈ હતી અને દીપડાની હિલચાલની પુષ્ટિ કરી હતી. આ વિસ્તારમાં રહેણાંક અને ખેતીવાડીનો વિસ્તાર હોવાથી દીપડાની હાજરી ગ્રામજનો માટે મોટો ખતરો બની શકે છે.

આશરે ત્રણ અઠવાડિયાના અંતરાલ બાદ અમદાવાદના રૂરલ વિસ્તારમાં દીપડાની આ બીજી સત્તાવાર પુષ્ટિ છે. અગાઉ ૨૧ જુલાઈના રોજ શેલા વિસ્તારમાં દીપડો દેખાયાના અહેવાલો હતા, પરંતુ ત્યારે તેની હાજરીના પુરાવાઓ મળ્યા ન હતા. આ વખતે મોટી દેવતી ગામે દીપડાની હાજરીની પુષ્ટિ થઈ છે.

હાલ તો વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવીને તેમાં શિકાર તરીકે મરઘી મૂકવામાં આવી છે, જેથી દીપડો તેના અવાજથી આકર્ષાઈને પાંજરામાં પ્રવેશે અને પકડાઈ જાય.

## દક્ષિણ ગુજરાતમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ

# રાજ્યમાં સીઝનનો સરેરાશ વરસાદ ૭૪.૧૧ ટકા નોંધાયો : કચ્છમાં અત્યાર સુધીમાં માત્ર ૨૯ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર,

ગુજરાતમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાયને હજુ લગભગ એક મહિનો બાકી છે, પરંતુ દક્ષિણ ગુજરાતમાં આ સિઝનનો સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર પહોંચી ગયો છે, બીજી તરફ કચ્છમાં અત્યાર સુધીમાં માત્ર ૨૯ ટકા વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સામાન્ય વિદાય તારીખ ૧૫ સપ્ટેમ્બર છે. રાજ્યમાં ૧૬ ઓગસ્ટ સુધીમાં સિઝનનો સરેરાશ વરસાદ ૨૬.૫૨ ઈંચ એટલે કે ૭૪.૧૧ ટકા નોંધાયો છે. ગયા વર્ષે આ જ દિવસે રાજ્યમાં



સરેરાશ વરસાદ ૬૫.૬૭ ટકા હતો. આ વર્ષે રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદનું વિતરણ લગભગ સમાન રહ્યું છે.

રાજ્ય ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી), ગાંધીનગરના આંકડા મુજબ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં સિઝનનો વરસાદ ૧૦૦ ટકાને પાર કરી ગયો છે. નવસારીમાં સૌથી વધુ ૧૧૯.૮૩ ટકા, વલસાડમાં ૧૧૨.૯૭ ટકા અને સુરતમાં ૧૦૪.૫૧ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના કુલ ૩૭ તાલુકામાં ૩૯.૩૭ ઈંચથી વધુ વરસાદ પડી ચૂક્યો છે.

રાજ્યના આઠ જિલ્લામાં સિઝનનો વરસાદ હજુ ૫૦ ટકાથી ઓછો છે, તેમાં દેવભૂમિ દ્વારકામાં ૬.૪૧ ટકા, પોરબંદરમાં ૧૭.૮૮ ટકા, કચ્છમાં ૨૯.૨૫ ટકા, જામનગરમાં ૨૮.૮૮ ટકા, રાજકોટમાં ૪૬.૭૭ ટકા, અરવલ્લીમાં ૪૫.૬૯ ટકા, સાબરકાંઠામાં ૪૬.૪૨ ટકા અને ગીર સોમનાથમાં ૪૬.૩૩ ટકા વરસાદ નોંધાયો છે.

# વડોદરા : સ્વીટી પટેલ હત્યા કેસમાં પૂર્વ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. દેસાઈને આજીવન કેદની સજા

## દેસાઈ અને સ્વિટી વચ્ચેનો સંબંધ પણ કેસમાં મહત્ત્વની કડી બન્યો

વડોદરા,

મૃતક મહિલાની લાશ મળી નહીં, ૧૨૮માંથી ૪૦ સાક્ષીઓ તેમના નિવેદનમાંથી ફરી ગયા, જેમાં મૃતકના ભાઈનો પણ સમાવેશ હતો. આમ છતાં વડોદરાની અદાલતે પૂર્વ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. દેસાઈને પાર્ટનર સ્વીટી પટેલની હત્યા બદલ આજીવન કેદની સજા ફટકારી છે.

સ્વીટી જૂન-૨૦૨૧માં ગુમ થઈ હતી. તપાસમાં દેસાઈ પર હત્યાનો આરોપ આવ્યો હતો. એક બંધ પડેલી હોટલના કમ્પાઉન્ડમાંથી સળગેલા માનવ અવશેષો મળ્યા હતા. ડીએનએ તપાસ, મોબાઈલ ફોન-સીડીઆર ડેટા અને અન્ય ફોરેન્સિક પુરાવાઓએ કેસની કડીઓ જોડી હતી.

દેસાઈ અને સ્વિટી વચ્ચેનો સંબંધ પણ કેસમાં મહત્ત્વની કડી બન્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે બંનેએ પરિવારથી છુપાવીને ૨૦૧૭માં મંદિરમાં લગ્ન કર્યાં હતાં, જોકે દેસાઈ અગાઉથી પરિણીત હતો અને અમદાવાદમાં તેની પત્ની તથા પુત્રી સાથે રહેતો હતો. સ્વીટી બાદમાં વડોદરા આવીને દેસાઈ સાથે રહેતી હતી અને બંનેને એક પુત્ર પણ હતો. અદાલતે સ્વીટીના ગુમ થવા પહેલાંની ઘટનાઓ અને બંને વચ્ચેના સંબંધોને પણ પુરાવાની કડીનો ભાગ ગણ્યો.

અદાલતે નોંધ્યું કે મૃતદેહ ન મળ્યો હોવા છતાં હત્યાનો કેસ માત્ર સીધા પુરાવાથી જ નહીં, પરંતુ વિશ્વસનીય પરોક્ષ પુરાવાની સંપૂર્ણ કડીથી પણ સાબિત થઈ શકે છે. તપાસમાં દેસાઈ અને સ્વીટી વચ્ચેના સંબંધો, સ્વીટીના ગુમ થવા પહેલાંની ઘટનાઓ અને આરોપીની હિલચાલ મહત્ત્વની સાબિત થઈ હતી.

# બોયફ્રેન્ડે ઈસ્ટાગ્રામ પાસવર્ડ લઈ અંગત વીડિયોનો દુરુપયોગ કર્યો હોવાનો આરોપ

## વિદ્યાર્થિનીએ પોતાના બોયફ્રેન્ડ સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી

અમદાવાદ,

શહેરના ઘુમા વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીએ પોતાના બોયફ્રેન્ડ સામે ગંભીર આક્ષેપો સાથે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીનો આરોપ છે કે આરોપીએ વિશ્વાસનો ગેરલાભ લઈને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટની વિગતો મેળવી અને બાદમાં અંગત વીડિયોનો ઉપયોગ કરીને તેને બ્લેકમેલ કરી હતી. ફરિયાદના આધારે બોપલ પોલીસે આરોપી કર્તવ્ય મણિયાર સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ યુવતીના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા બોયફ્રેન્ડ કર્તવ્ય મણિયારે ફોન કરીને તેનું ઈસ્ટાગ્રામ એકાઉન્ટ યોગ્ય રીતે કામ કરતું ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેણે યુવતી પાસેથી ઈસ્ટાગ્રામ આઈડી અને પાસવર્ડ માગ્યો હતો. યુવતીએ બોયફ્રેન્ડ પર વિશ્વાસ રાખીને તેને પોતાની એકાઉન્ટ વિગતો આપી હતી. બાદમાં એકાઉન્ટ સંબંધિત ડેટા ટ્રાન્સફર અંગેનો મેસેજ મળતાં યુવતીને શંકા ગઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ત્યારબાદ આરોપીએ યુવતી સાથે વીડિયો કોલ કર્યો હતો અને તેની અંગત સ્થિતિનો વીડિયો રેકોર્ડ કર્યો હોવાનો આક્ષેપ છે.

યુવતીનો આરોપ છે કે વીડિયો પોતાની પાસે હોવાની વાત કહી આરોપીએ તેને ધમકાવવાનું શરૂ કર્યું હતું. વીડિયો જાહેર કરવાની ધમકી આપીને તેની પાસેથી પૈસાની માંગણી કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આરોપીએ દર મહિને રૂપિયા ૧૦ હજાર આપવાની માંગણી કરી હોવાનો પણ યુવતીનો આક્ષેપ છે. ભયના કારણે યુવતીએ આરોપીને રૂપિયા ૪ હજાર ટ્રાન્સફર કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદમાં યુવતીએ વધુ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે આરોપીએ તેના પર પોતાના નામના પ્રથમ અક્ષરને પગ પર કાતરથી લખવા માટે દબાણ કર્યું હતું. આ ઘટનામાં યુવતીને ઈજા થઈ હોવાનો પણ ઉલ્લેખ છે.

# અમદાવાદમાં ફરી દીપડાની દહેશત, સાણંદના મોટી દેવકીમાં પાંજરા ગોઠવાયા





અમદાવાદ,

અમદાવાદ જિલ્લામાં ફરી એકવાર દીપડાની હાજરીને લઈને ચર્ચા જાગી છે. સાણંદ તાલુકાના મોટી દેવકી ગામમાં સ્થાનિકોએ દીપડો દેખાયો હોવાનો દાવો કરતાં ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ છે. કેટલાક સ્થાનિકોના જણાવ્યા મુજબ દીપડા સાથે તેનું બચ્ચું પણ જોવા મળ્યું હોવાની ચર્ચા છે. સાથે જ એક કૂતરાનું મારણ થયું હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે.

મોટી દેવકી ગામમાં દીપડો હોવાની આશંકા સામે આવતા વન વિભાગ દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. ટીમે વિસ્તારની સ્થિતિ પર નજર રાખવાની કામગીરી શરૂ કરી છે અને સંભવિત અવરજવર ધરાવતા સ્થળોએ પાંજરા મૂકવામાં આવ્યા છે. સ્થાનિકો પાસેથી મળતી માહિતીના આધારે પણ તપાસ આગળ વધારવામાં આવી રહી છે. જોકે, હાલ સુધી વન વિભાગ દ્વારા મોટી દેવકી ગામમાં ખરેખર દીપડાની હાજરી હોવાની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તેથી સ્થાનિકોના દાવા અને વન વિભાગની તપાસ બાદ જ સમગ્ર મામલાની સ્પષ્ટતા થશે.

# અમદાવાદમાં કાર રેન્ટલ કંપનીની ૧૫ લક્ઝુરિયસ કાર લઈને ૧૦ શખ્સો ફરાર

## થલતેજમાં કાર ભાડે આપતી કંપની સાથે કરોડોની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ

અમદાવાદ,

અમદાવાદના થલતેજ વિસ્તારમાં કાર ભાડે આપતી એક કંપની સાથે કરોડોની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ છે. કંપનીમાંથી અલગ-અલગ સમયે ભાડે લેવામાં આવેલી થાર, ઓડી, ફોર્ચ્યુનર સહિતની કુલ ૧૫ કાર પરત ન કરીને આરોપીઓ સંપર્કવિહોણા થઈ ગયા હોવાનો આક્ષેપ છે. ફરિયાદ મુજબ, આ સમગ્ર મામલામાં કુલ રૂ.૨.૩૬ કરોડથી વધુની કારો હડપ કરવામાં આવી હોવાનો આરોપ છે.

ફરિયાદ મુજબ, થલતેજ વિસ્તારમાં આવેલી 'ગો વિથ ઝૂપ' કાર રેન્ટલ કંપનીમાંથી જૂન ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ વ્યક્તિઓએ ગ્રાહક તરીકે કાર ભાડે લીધી હતી. શરૂઆતમાં સામાન્ય રીતે કાર રેન્ટલ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વાહનો લઈ જવામાં આવ્યા હતા. કંપનીના માલિક સૌરભ તુલસીરામ ગુપ્તાના જણાવ્યા અનુસાર, સમય પસાર થયા બાદ કેટલાક ગ્રાહકોએ કાર પરત કરી નહોતી અને ભાડાની રકમ પણ ચૂકવાઈ નહોતી.

ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાર ભાડે લીધા બાદ આરોપીઓએ વાહનોમાં લાગેલી જીપીએસ સિસ્ટમ બંધ કરી દીધી હતી. ત્યારબાદ કંપની દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં કેટલાક આરોપીઓનો સંપર્ક થઈ શક્યો નહોતો. કારોની કોઈ માહિતી ન મળતા અને વાહનો પરત ન આવતા કંપની સંચાલકે પોલીસનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદ મુજબ, આરોપીઓએ કંપનીમાંથી વિવિધ મોડલની કુલ ૧૫ કાર ભાડે લીધી હતી. તેમાં થાર, સ્વીફ્ટ, સફારી, સ્કોર્પિયો, ઓડી, ફોર્ચ્યુનર, અર્ટિગા અને બલેનો સહિતના વાહનોનો સમાવેશ થાય છે.

આ તમામ વાહનોની કુલ કિંમત અંદાજે રૂ.૨,૩૬,૩૦,૦૦૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપીઓ દ્વારા કાર પરત ન કરવામાં આવતા કંપનીને કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# મહેસાણામાં જીએસઆરટીસીની એનઓસી વગર ૨૫ સિટી બસો દોડતી હોવાનો આક્ષેપ

## ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને મહેસાણા મહાનગરપાલિકા વચ્ચે વિવાદ

મહેસાણા,

મહેસાણા મહાનગરપાલિકાની સિટી બસ સેવાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. જીએસઆરટીસીની જરૂરી એનઓસી વગર મહાનગરપાલિકા દ્વારા વધારાના રૂટ પર સિટી બસો દોડાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ થયો છે. આ મામલે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને મહેસાણા મહાનગરપાલિકા વચ્ચે વિવાદ સર્જાયો છે. મળતી માહિતી મુજબ, શહેરમાં હાલમાં ૧૫ રૂટ પર આશરે ૨૫ સિટી બસો દોડી રહી છે. જીએસઆરટીસી દ્વારા મનપાને આ અંગે લેખિત ખુલાસો આપવા માટે પત્ર પાઠવવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

મહેસાણા શહેરમાં ઓગસ્ટ ૨૦૨૧થી સિટી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કે મહેસાણા નગરપાલિકા દ્વારા માત્ર ૮ રૂટ માટે જરૂરી એનઓસી લેવામાં આવી હતી. ત્યારબાદ મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો અને શહેરની હદમાં વધારો થયો. મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સિટી બસના રૂટની સંખ્યા વધારીને ૧૫ કરવામાં આવી હતી.

આક્ષેપ મુજબ, વધારાના રૂટ શરૂ કરતાં પહેલાં જરૂરી મંજૂરી અથવા એનઓસી મેળવવામાં આવી ન હતી. પરિણામે હાલ ૧૫ રૂટ પર આશરે ૨૫ સિટી બસો દોડી રહી છે. જીએસઆરટીસીના જણાવ્યા પ્રમાણે, નિયમ મુજબ નવા રૂટ માટે સંબંધિત વિભાગની મંજૂરી મેળવવાની પ્રક્રિયા જરૂરી છે. આ મંજૂરી અંગેનો મુદ્દો સામે આવ્યા બાદ હવે સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. આ મામલે જીએસઆરટીસીના અધિકારી હેતલ પટેલે જણાવ્યું હોવાનું સામે આવ્યું છે કે સિટી બસના વધારાના રૂટ અંગેની બાબત નિગમના ધ્યાને આવ્યા બાદ મહાનગરપાલિકાને લેખિત પત્ર પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો. જીએસઆરટીસી તરફથી વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં વધારાના રૂટ માટે એનઓસી લેવામાં આવી ન હોવાનું જણાવાયું છે. જોકે, વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરોને હાલ મુશ્કેલી ન પડે તે ધ્યાનમાં રાખીને સિટી બસ સેવા ચાલુ રાખવામાં આવી હોવાનું જીએસઆરટીસી તરફથી જણાવાયું છે.

# આર્મી અગ્નિવીર ભરતી રેલી, ૩ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન ભરતી પ્રક્રિયા

## ભાવનગરના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૪ જિલ્લાઓના ઉમેદવારો માટે ભરતી રેલી યોજાશે

અમદાવાદ,

આર્મી રિક્રૂટિંગ ઓફિસ, જામનગર દ્વારા અગ્નિવીર ભરતી રેલીનું આયોજન તા. ૩ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભાવનગરના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતી રેલીમાં આર્મી રિક્રૂટિંગ ઓફિસ, જામનગરના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા, પાટણ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દીવના લાયક ઉમેદવારો ભાગ લઈ શકશે.

ભરતી રેલી દરમિયાન તા. ૩ સપ્ટેમ્બરે સુરેન્દ્રનગર જિલ્લાના ઉમેદવારો, તા. ૪ સપ્ટેમ્બરે પાટણ, રાજકોટ અને અમરેલી, તા. ૫ સપ્ટેમ્બરે બોટાદ, જામનગર અને જૂનાગઢ, તા. ૬ સપ્ટેમ્બરે કચ્છ અને ગીર સોમનાથ, તા. ૭ સપ્ટેમ્બરે દેવભૂમિ દ્વારકા તથા ભાવનગર જિલ્લાના ભાવનગર, ગારીયાધાર અને ઘોઘા તાલુકાના ઉમેદવારો, તા. ૮ સપ્ટેમ્બરે ભાવનગર જિલ્લાના ભાવનગર, જેસર અને પાલિતાણા તાલુકા તેમજ પોરબંદરના ઉમેદવારો અને તા. ૯ સપ્ટેમ્બરે મોરબી તથા ભાવનગર જિલ્લાના મહુવા, તળાજા, ઉમરાળા અને વલ્લભીપુર તાલુકાના ઉમેદવારો માટે અગ્નિવીર જનરલ ડ્યુટીની ભરતી પ્રક્રિયા યોજાશે.

તા. ૯ સપ્ટેમ્બરે જ ઉપરોક્ત તમામ જિલ્લાઓ તથા દીવના ઉમેદવારો માટે અગ્નિવીર ટેકનિકલ કેટેગરીની ભરતી પ્રક્રિયા રહેશે. જ્યારે તા. ૧૦ સપ્ટેમ્બરે આ જ વિસ્તારોના ઉમેદવારો માટે અગ્નિવીર ટ્રેડ્સમેન ૮ પાસ અને ૧૦ પાસ કેટેગરીની ભરતી પ્રક્રિયા યોજાશે. તા. ૧૧ સપ્ટેમ્બરે બાકી રહેલા ઉમેદવારોની તબીબી તપાસ કરવામાં આવશે.

દરેક ઉમેદવારે તેમને ફાળવવામાં આવેલા દિવસે રાત્રે ૦૦:૧૫ કલાકે રિપોર્ટિંગ કરવાનું રહેશે. ઉમેદવારોએ ભરતી સંબંધિત તમામ સૂચનાઓ અને જરૂરી દસ્તાવેજો અંગેની વિગતો માટે ભારતીય સેનાની સત્તાવાર વેબસાઈટ https://joinindianarmy.nic.inutm_source= chatgpt.com પર નિયમિત તપાસ કરવા જણાવાયું છે.

# ચિતલ ખાતે નવા નીરના વધામણા કરાયા

## રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા સહિતના મહાનુભાવોએ ફૂલ અને શ્રીફળ પધરાવી નવા નીરને વધાવ્યા, આનંદ અને ઉત્સાહનો માહોલ



અમરેલી:

ચિતલ ખાતે નવા નીરના આગમન નિમિત્તે પરંપરાગત રીતે નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. ઉર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દક્ષાબહેન ચોડવડિયા, સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા તથા લાઠી-બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા સહિતના મહાનુભાવોએ ચિતલ ખાતે ફૂલ અને શ્રીફળ પધરાવી નવા નીરના વધામણા કર્યા હતા. નવા નીરના વધામણા પ્રસંગે મહાનુભાવો દ્વારા પરંપરાગત રીત-રિવાજ મુજબ નવા નીરને વધાવી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.ચિતલ ખાતે નવા નીરના આગમનથી સ્થાનિક નાગરિકોમાં પણ આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ઉનાળા દરમિયાન અમરેલી જિલ્લામાં ૧૧૫ ગામોમાં રાજ્ય સરકારના માધ્યમથી પ્રતિગામ ૬૦૦ કલાક હિટાચી મશીનથી તળાવો ઉંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી હતી.ચોમાસા દરમિયાન આ તળાવોમાં નવા નીર આવતા તળાવો નવપલ્લિત થયા છે. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# આઈ.ટી.આઈ અમરેલી ખાતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતીમેળો યોજાશે




અમરેલી:

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૧૯/૦૮/૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૧ કલાકે આઈ.ટી.આઈ. અમરેલી ખાતે યોજાશે.

આ મેળામાં AWIGN ENTERPRISES RAJKOT દ્વારા સ્માર્ટ મીટર ટેક્નિશિયનની જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષના ઉમેદવારોની જરૂરીયાત છે. શૈક્ષણિક લાયકાત આઈ.ટી.આઈ વાયરમેન, ઈલેક્ટ્રિશિયન જરૂરી છે, પસંદગી પામનાર ઉમેદવારોને ફ્રેશર માટે રૂ. ૨૨ હજાર પ્રતિ માસ તથા અનુભવ ધરાવતા ઉમેદવારોને રૂ.૨૫ હજાર પ્રતિ માસ પગાર આપવામાં આવશે. કાર્યસ્થળ અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ખાંભા તથા જાફરાબાદ રહેશે.ITM EDUTECH PVT LTD AHMEDABAD (ICICI BANK) દ્વારા સેલ્સ એક્ઝિક્યુટિવ,રિલેશનશીપ મેનેજરની જગ્યાઓ માટે ૧૮ થી ૨૫ વર્ષના ઉમેદવારોની જરૂરીયાત છે. શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએટ,પોસ્ટ ગ્રેજ્યુએટ જરૂરી છે, પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૨૨ હજાર પ્રતિ માસ થી રૂ. ૨૫ હજાર પ્રતિમાસ સુધીનું વેતન આપવામાં આવશે. કાર્યસ્થળ અમરેલી જિલ્લો અને સમગ્ર ગુજરાત રહેશે.ALTA AUTO LINK LLP, AMRELI (MARUTI SUZUKI ARENA) દ્વારા સેલ્સ એક્ઝિક્યુટિવ, સર્વિસ એડવાઈઝર, બોડીશોપ એડવાઈઝર, ફ્લોર સુપરવાઈઝર તથા ટેક્નિશિયનની જગ્યાઓ માટે ૧૮ થી ૩૦ વર્ષના ઉમેદવારોની જરૂરીયાત છે. શૈક્ષણિક લાયકાત ૧૦ પાસથી ગ્રેજ્યુએટ સુધીની રહેશે. પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૨૨ હજાર પ્રતિ માસ થી રૂ. ૨૫ હજાર પ્રતિમાસ સુધીનું વેતન આપવામાં આવશે. કાર્યસ્થળ અમરેલી જિલ્લો અને સમગ્ર ગુજરાત રહેશે. વેતન કંપની નિયમો મુજબ રહેશે. કાર્યસ્થળ અમરેલી, સાવરકુંડલા, ધારી, બાબરા, રાજુલા રહેશે.

રસ ધરાવતા ઉમેદવારોએ ભરતીમેળાના સ્થળે પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા જેવા જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. ખાસ નોંધનીય છે કે, ભરતીમેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી http://anubandham.gujarat.gov.in/account/signup. લિંક પર કરવાનું રહેશે. આ ભરતીમેળા અંગે વધુ વિગતો માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સોમનાથમાં શ્રાવણના પેહલા સોમવારે પૂજન પુણ્ય અને પરમાનંદ નો માહોલ

## સોમનાથમાં વિક્રમજનક ધ્વજાપૂજા શ્રાવણના પ્રથમ સોમવારે ૯૧ ધ્વજાપૂજા, ૭૩ સોમેશ્વર મહાપૂજા

(મિતેષ પરમાર દ્વારા)

સોમનાથ:



દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ મહિનાનો પ્રથમ સોમવાર હોય આજરોજ સોમનાથ મહાદેવના ચરણોમાં ભક્તોનો મહાસાગર ઉમટયો હતો. શિવજીની આરાધનાના મહા પર્વ એવા શ્રાવણ માસના પવિત્ર પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરી ભક્તિનું ભાથું બાંધવા શ્રદ્ધાળુઓ મધ્ય રાત્રિથી શ્રી સોમનાથ મંદિરના દ્વારે એકઠા થયા હતા. સવારે ૦૪:૦૦ કલાકે મંદિરના દ્વાર ખુલતાની સાથે ભક્તોનો મહાસાગર છૂટ્યો હતો. હજારો ભક્તો સોમનાથ મહાદેવના દર્શન કરી પૂજા કાર્ય અને યજ્ઞોમાં જોડાયા હતા.

ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી શ્રી પી.કે.લહેરી સાહેબના હસ્તે સૌપ્રથમ પાલખી પૂજા કરી ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમનાથ તીર્થની પ્રણાલિકા અનુસાર સવારે સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખી યાત્રા કાઢવામાં આવી હતી જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

વિક્રમી ધ્વજારોહણ:સમગ્ર દિવસ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવની ધર્મધ્વજાના અહર્નિશ ફરકતી રહી હતી. શ્રી સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા અત્યાર સુધીના તમામ વિક્રમ પાર કરીને ૯૧ ધ્વજા પૂજા નોંધાઈ હતી. દર્શન કરનાર ભક્તોમાં મહાદેવની ધ્વજા પૂજાનું અદભુત આકર્ષણ જોવા મળ્યું હતું. સોમનાથમાં પ્રવેશ કરતાની સાથે જ આકાશમાં ફરકી રહેલ સોમનાથ મંદિરનો ધર્મધ્વજ શ્રદ્ધાળુઓના મનમાં અનેરી આસ્થા ઉત્પન્ન કરે છે. સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા દાયકાઓથી શ્રદ્ધાળુઓમાં પરમ આસ્થા નું કેન્દ્ર રહી છે. ત્યારે આ વખતે શ્રાવણ માસમાં સોમનાથ મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ પૂજન વ્યવસ્થા ઊભી કરી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોના પૂજન અનુભવને વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે બહુસ્તરીય આયોજન કરવામાં આવ્યું છે. જેની ફળ શ્રુતિ સ્વરૂપે શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારે છે ત્યારે તીર્થનું ભક્તિમય વાતાવરણ તેઓને આધ્યાત્મિક અને પૂજા કાર્ય માટે પ્રેરણા આપે છે.શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને ૯૧ ધ્વજા પૂજા કરવામાં આવી હતી. વેદોક્ત મંત્રોચ્ચાર સાથે વિધીવિધાન થી ધ્વજા પૂજન કરીને ભક્તોએ સોમનાથ મહાદેવના પરમ સાનિધ્યનો અનુભવ કર્યો હતો. કોરોના મહામારી બાદ લોકોમાં આસ્થા વધુ સુદ્રઢ બની હોય તે ગત વર્ષોમાં શ્રદ્ધાળુઓમાં વધતી સંખ્યા અને પૂજા કાર્ય પ્રત્યેના ઉત્સાહ થી અનુભવી શકાય છે. ઉલ્લેખનીય છે કે સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં ૧.૪૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

# સ્વાસ્થ્ય માટે લાભકારી શિવજીને પ્રિય બિલીપત્ર અને તેનું મહત્વ

બિલિપત્ર શિવજીને ખૂબ જ પ્રિય હોવાનું મનાય છે. બિલિ પત્રના ત્રણ પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવનું પ્રતીક હોવાનું કહેવામાં આવે છે. તે ભગવાન શિવની ત્રીજી આંખનું પ્રતીક છે. તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે અને શિવપૂજનમાં પણ બિલિપત્રનો અવશ્ય સમાવેશ કરવામાં આવે છે. એ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહિ, પણ આરોગ્યની દૃષ્ટિએ પણ બિલિપત્ર ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદ મુજબ બિલિપત્રમાં અનેક ઔષધીય ગુણો રહેલા છે. તેના ત્રણ પત્રમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણો રહેલા હોય છે. સત્વ એ પોઝિટિવ એનર્જી છે જ્યારે રજસ અને તમસ નેગેટિવ એનર્જી છે. એવુ માનવામાં આવે છે કે બિલિપત્રનો મધ્યભાગ સત્વ અર્થાત્ પોઝિટિવ એનર્જીને આકર્ષે છે. જો કોઈ નેગેટિવ એનર્જીની અસરવાળી વ્યક્તિ પણ બિલિપત્રને સ્પર્શે તો તેનામાં પોઝિટિવ એનર્જી આવી જાય છે.



બિલિ વૃક્ષના મૂળ, પાન, ફળ અને વૃક્ષના બધા જ ભાગ વિવિધ રોગોનાં ઉપચારમાં ઉપયોગી છે. આ પવિત્ર વૃક્ષ પેઢામાંથી લોહી નીકળતુ હોય, ડાયેરિયા, અસ્થમા, કમળો, લોહીની ઉણપ જેવા અનેક રોગોમાં ખૂબ જ મદદરૂપ છે. ડાયેરિયાની સમસ્યા હોય તો બિલિના ફળને સૂકવીને તેનુ સેવન કરવુ જોઈએ. પાઈલ્સ થયા હોય કે પછી કોઢની સમસ્યામાં પણ બિલિફળના પાવડરનું સેવન કરવુ જોઈએ. આંખ અને કાનના રોગોમાં પણ બિલિફળ ઘણું અસરકારક છે. જૂના જમાનામાં ફ્રેક્ચર થયુ હોય તો વૈદ્યો બિલિના પાવડરમાં હળદર અને ઘી મિક્સ કરીને તૂટી ગયેલા હાડકા પર લેપ કરતા હતા. કબજિયાતની સમસ્યા નીવારવા માટે બિલિનું ફળ એ ખૂબ જ અસરકારક ઈલાજ છે. બિલિના ફળના માવામાં થોડી કાળી મરી અને મીઠુ ઉમેરવાથી આંતરડામાંથી ઝેરી તત્વો શરીરની બહાર ફેંકાઈ જાય છે. કબજિયાતની સમસ્યા માટે બિલિફળનું શરબત પણ લઈ શકાય છે. બિલિ ફળમાં એવા તત્વો હોય છે જે લોહીમાં શુગરનું પ્રમાણ કંટ્રોલમાં રાખે છે. તે પેનક્રિઆસને સક્રિય બનાવે છે અને શરીરમાં ઈન્સ્યુલિન જનરેટ કરે છે જેને કારણે ડાયાબિટિસના દર્દીની શુગર કંટ્રોલમાં રહે છે. વૈદ્યની સલાહ પછી જ બિલિનો જે-તે પ્રયોગ કરવો જોઈએ.

બિલિમાં એવા તત્વો છે જેમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ રહેલા છે અને તે પેટમાં પડેલા ચાંદામાં ઘણી રાહત આપે છે. તે શરીરમાં એસિડનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત શરીરમાં વાયરલ ઈન્ફેક્શન ફેલાયુ હોય તો પણ બિલિફળ ઘણી રાહત આપે છે.

વિટામિન સી ની ઉણપને કારણે ઘણા લોકોને દાંત અને પેઢામાંથી લોહી નીકળવાની સમસ્યા થતી હોય છે. બિલિફળમાં વિટામિન સી સારી માત્રામાં હોય છે. જેને કારણે તે ખાવાથી સ્કર્વી કે પેઢા-દાંતમાંથી લોહી નીકળવાની સમસ્યામાંથી છૂટકારો મળે છે. લાઈફસ્ટાઈલને કારણે ઊંચો કોલેસ્ટ્રોલ એ એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. બિલિફળમાં રહેલા તત્વો શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખે છે. જો પાકેલા બિલિફળમાં ઘી મિક્સ કરીને તેને ભોજન સાથે લેવામાં આવે તો હૃદયરોગનું જોખમ ઘટે છે. હૃદયરોગથી બચવા માટે વૈદ્યો વર્ષોથી આ ઉપચાર કરતા આવ્યા છે. આ ઉપરાંત તે શ્વસનતંત્રના રોગ, શરદી વગેરેમાં પણ ખૂબ જ ફાયદાકારક પુરવાર થાય છે. તેના ફળનો માવો નહાતા પહેલા માથામાં લગાવવામાં આવે તો શરદીથી છૂટકારો મળે છે. શરીરમાં કોઈ પણ ભાગે સોજો આવ્યો હોય તો તેના પર બિલિ ફળનો ગર લગાવવાથી સોજા તરત જ ઉતરી જાય છે. બિલિનું વૃક્ષ એ અત્યંત મહત્વનું વૃક્ષ છે.

# ઉનાના માણેકપુરથી સિમર જતા ૪૬ વિદ્યાર્થીઓ માટે બસ શરૂ

## સરકારના સહયોગથી ખાનગી ટ્રાન્સપોર્ટિંગ વાહનની સુવિધા ઉપલબ્ધ




કૈલેશ ભટ્ટ ઉના:

ઉના: માણેકપુર ગામથી સિમર ખાતે આવેલી શાળામાં ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા ૪૬ વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સુવિધા શરૂ કરવામાં આવી છે. સરકારના સહયોગથી આ વિદ્યાર્થીઓ માટે ખાનગી ટ્રાન્સપોર્ટિંગ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. અગાઉ, માણેકપુરથી સિમર ભણવા જતા આ ૪૬ વિદ્યાર્થીઓને દરરોજ આશરે ૮ કિલોમીટરનું અંતર કાપી ખાનગી વાહનમાં જવું પડતું આ સમસ્યાને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પણ અસર થતી હતી.

વિદ્યાર્થીઓની આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં લઈને શાળાના આચાર્ય ભાવેશભાઈ દ્વારા અથાક પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમણે આ સુવિધા શરૂ કરવા માટે સનિષ્ઠ મહેનત કરી હતી. આચાર્ય ભાવેશભાઈના પ્રયાસો અને સરકારના સહયોગથી આ ખાનગી ટ્રાન્સપોર્ટિંગ બસ શરૂ થઈ છે. આ ભગીરથ કાર્યમાં શ્રી જેઠવા રમેશભાઈનો પણ સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સુવિધાથી તમામ ૪૬ બાળકો સલામત અને સરળ રીતે શાળાએ આવી-જઈ શકશે.આ બસ સુવિધા શરૂ થતા જ માણેકપુર ગામના વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો છે. વાલીઓએ આચાર્ય ભાવેશભાઈ અને શ્રી જેઠવા રમેશભાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

# તહેવારોમાં વિતરણ સમયે જ રાજ્યમાં પુરવઠા વિભાગનું સર્વર સંપૂર્ણ ઠપ્પ!

અમરેલી:

હાલમાં રાજકોટ સહિત રાજ્યભરમાં પુરવઠા વિભાગ દ્વારા તહેવારોના અનાજ-ખાંડ-તેલનું રાહતદરે વિતરણ શરુ થયું છે. બરોબર ત્યારે જ આજે સવારથી જ પુરવઠાનું સર્વર ઠપ્પ થઇ જતાં વેપારીઓની દુકાને લાભાર્થીઓની કતારો લાગતા વેપારી વર્ગ પરેશાન થઇ ગયો છે.'રાજ્યભરમાં મુખ્ય તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે.

સમગ્ર ગુજરાતમાં સરકારી સસ્તા અનાજની દુકાનો પર અચાનક સર્વર ઠપ્પ થઈ જતાં રેશનિંગ સિસ્ટમ ખોરવાઈ ગઈ છે.તહેવાર પૂર્વે રાશન મેળવવા માટે વહેલી સવારથી દુકાનો બહાર લાઈનમાં ઊભેલા ગરીબ અને શ્રમિક પરિવારના લોકોને કલાકો સુધી રાહ જોયા બાદ પણ ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે.દુકાનો પર લગાવેલા ઈ-પોશ મશીનોમાં સર્વર ડાઉન હોવાના કારણે ગ્રાહકોના અંગૂઠાના નિશાન (બાયોમેટ્રિક) વેરિફાય થઈ રહ્યા નથી.રોજનું કમાઈને રોજ ખાનારા મજૂર વર્ગના લોકો કામધંધો છોડીને લાઈનમાં ઊભા રહે છે, છતાં અનાજ મળતું નથી. જેના લીધે તેઓ પણ લાચાર બન્યા છે.સામાન્ય રીતે તહેવારોના દિવસોમાં ગરીબ પરિવારો સરકારી રાશનના ઘઉં, ચોખા, ખાંડ અને તેલ પર વધુ નિર્ભર હોય છે.આવા સમયે જ ડિજિટલ સિસ્ટમ ખોરવાઈ જતાં વહીવટીતંત્રની પ્રી-પ્લાનિંગ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. લોકો માંગ કરી રહ્યા છે કે કાં તો સર્વરની સમસ્યા તુરંત ઉકેલવામાં આવે અથવા ઓનલાઈન સર્વર શરૂ ન થાય ત્યાં સુધી ઓફલાઈન રજિસ્ટર પદ્ધતિથી અનાજ આપવાની કામચલાઉ વ્યવસ્થા શરૂ કરવામાં આવે.

# ઉનામાં ૨૪૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## લોહાણા મહાજન ટ્રસ્ટનો ૧૨મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



કૈલેશ ભટ્ટ ઉના:

ઉના ખાતે શ્રી ઉના લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા ૧૨મો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કુલ ૨૪૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.ઉના લોહાણા મહાજનના પ્રમુખ ડૉ. મનોજ માનસેત્તાના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો. હતો. સમારોહમાં લોહાણા સમાજના અગ્રણીઓ રસિક તન્ના, જેન્તી નથવાણી, કાંતિ છગ, જીતુ પંડત, ચંદુ કોટેચા, રાજુ પાંધી, પ્રવિણ છગ અને ભવ્ય પોપટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવી તેમને ઉચ્ચ શિક્ષણ અને ભવિષ્યમાં વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટ-ઉના સરસ્વતી સન્માન સમારોહમાં લોહાણા સમાજના ઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રવિ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણી દિનેશ રતનધાયરા અને તરુણ કાનાબારે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. સમારોહના અંતે ઉપસ્થિત સૌમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.


ધારીનગરપાલિકા - ધારી

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

પાંચમો પ્રયત્ન

આથી ધારી નગરપાલિકા, ધારી, જી.અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. સને ૨૦૨૫-૨૬ વર્ષની નિર્મળ ગુજરાત-૨.૦ યોજના અંતર્ગત જુદા જુદા વિસ્તારમાં ગાર્બેજ વર્નરેબલ પોઇંન્ટ બ્યુટીફીકેશનનું કામ કરાવવા માટે (પાંચમો પ્રયત્ન) તા. ૨૪/૦૮/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક,વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી,સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. ધારી નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર, ધારી નગરપાલિકા — પ્રમુખ, ધારી નગરપાલિકા

જાહેરાત/અમર/૨૩૨/૨૬


# જિલ્લામાં જુની મોટર સાયકલ, સ્કૂટર, જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેચનાર કે ખરીદનારે નિયત નમુનામાં રજિસ્ટર નિભાવવું

અમરેલી:

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે.કોઈપણ જુની મોટરસાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ કોલમ વાઈઝ વેચનારનું નામ,સરનામું અને વેચવાનું કારણ, ખરીદનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી.પ્રૂફ તથા રેસીડન્ટ પ્રૂફની વિગત, જૂનું ખરીદવાનું કે ખરીધું તેનું કારણ અને તારીખ, એન્જિન-ચેસીસ નંબર, મોડલ નંબર, રજિસ્ટ્રેશન નંબર વગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવા સહિતનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.રજિસ્ટર નિભાવવા ઉપરાંત જુની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી. જુની મોટરસાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વેચનારા વેપારી અથવા આ અંગેની દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જુની મોટર સાયકલ સ્કુટર કે જુના થ્રી વ્હીલ,ફોર વ્હીલ વાહનોનું વેચાણ કરે ત્યારે જુની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ ખરીદ કરનાર ગ્રાહકનું ઓળખકાર્ડ પુરાવા પૈકી એક પુરાવો ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

# જિલ્લાના સ્પા, મસાજ પાર્લરના માલિક, સંચાલકોએ આવશ્યક વિગતો પોલીસ સ્ટેશનને આપવી ફરજિયાત

અમરેલી:

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે, આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે.સમગ્ર જિલ્લાના તમામ વિસ્તારમાં આવેલા સ્પા, મસાજ પાર્લરના માલિક, સંચાલકોએ નામ, સરનામા, મોબાઈલ નંબર, કર્મચારીઓની તમામ વિગતો, તેમના ફોટોગ્રાફ્સ, આધારકાર્ડ નંબર, ડ્રાઈવિંગ લાઈસન્સ નંબર, પાર્ટનરનું નામ, સરનામા અને મોબાઈલ નંબર સહિતની વિગતો પોલીસ સ્ટેશનને ફરજિયાત આપવી.૩૦ દિવસના સી.સી.ટી.વી કેમેરા રેર્કોડિંગ રહે તે રીતે રિસેપ્શન તથા કોમન એરિયામાં સહિતના વિસ્તારને આવરી લેતા સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત રાખવા,

સ્પા, મસાજ પાર્લર માલિકનું પોતાનું હોય તો તે પુરાવા અથવા ભાડે હોય તો ભાડા કરાર સહિતના પુરાવાઓની નકલ આપવી. સ્પા, મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોની આઈ.ડી.પ્રૂફ ફરજિયાત રાખવાની રહેશે, રજિસ્ટર નિભાવવું, તમામ વિગતો કોરા કાગળ પર લખીને પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવી. આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશને રજિસ્ટર નિભાવવા.આ હુકમ તા. ૨૭.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી થશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ભારતીય નાવિકોની સુરક્ષા સર્વોપરી છે

ઓમાનની ખાડીમાંથી આવેલા સમાચાર સમગ્ર દેશ માટે આઘાતજનક અને પીડાદાયક છે. પલાઉના ધ્વજ હેઠળ ચાલતા ઓઈલ પ્રોડક્ટ ટેન્કર એમટી સેટ્ટેબેલો પર અમેરિકન સૈન્ય દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત થયા હોવાની પુષ્ટિ કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કરી છે. ૧૧ જૂન ૨૦૨૬ ના રોજ આ ઘટના બની. શરૂઆતમાં ત્રણ નાવિકો ગુમ હોવાનું કહેવાતું હતું, પરંતુ બાદમાં તેમના મૃતદેહ મળી આવ્યા અને ઓળખ પૂર્ણ થઈ. આ ઘટના માત્ર ત્રણ પરિવારોની અંગત કરુણાંતિકા નથી, પરંતુ ભારતીય સમુદ્રી શ્રમિકોની વૈશ્વિક સુરક્ષા, અમેરિકાની દાદાગીરી ભરી દરિયાઈ નાકાબંધી અને ભારત સરકારની રાજદ્વારી તાકાતની કસોટી પણ છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (ઝઈદ્ઘર્ઝ્ઝં) નું કહેવું છે કે આ ટેન્કર વારંવાર આપવામાં આવેલી સૂચનાઓનું પાલન નહોતું કરતું અને હોર્મુઝની ખાડી પાસે અમેરિકા દ્વારા લગાવવામાં આવેલી નાકાબંધીનો ભંગ કરવાનો પ્રયાસ કરતું હતું, તેથી તેના એન્જિન રૂમમાં પ્રિસિઝન મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો. આ દલીલ સાંભળવામાં વ્યાવસાયિક લાગે, પરંતુ તેની પાછળના સવાલો અત્યંત ગંભીર છે. શું કોઈ વ્યાપારી જહાજને રોકવા માટે સીધું એન્જિન રૂમમાં મિસાઈલ મારવી એ આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા મુજબ યોગ્ય છે? જહાજ પર ૨૪ ભારતીય નાવિકો સહિત કુલ ૨૫ થી વધુ ક્રૂ સભ્યો હતા. તેમાંથી ૨૧ ભારતીય, બે પાકિસ્તાની, એક રશિયન અને એક યુક્રેનિયન નાવિકને ઓમાનની નૌકાદળે બચાવ્યા હોવાના અહેવાલ છે. જો હુમલો એન્જિન રૂમ પર જ હતો, તો અંદર કામ કરતા નિર્દોષ નાવિકોના જીવનું જોખમ શા માટે લેવામાં આવ્યું? અમેરિકાની આ કાર્યવાહી એ સ્પષ્ટ કરે છે કે તે પોતાના ભૂ-રાજકીય હિતો માટે વ્યાપારી જહાજો અને તેમના પર કામ કરતા ત્રીજા દેશના નાગરિકોને પણ નિશાન બનાવતા ખચકાતું નથી.ભારત માટે આ સ્થિતિ બેવડી ચિંતાજનક છે. વિશ્વના કુલ નાવિકોમાંથી લગભગ ૧૨ ટકા ભારતીય છે. દુનિયાના દરેક મહાસાગરમાં, દરેક ટેન્કર અને કાર્ગો શિપ પર ભારતીય નાવિકો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે દિવસ-રાત કામ કરે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને ગોવાના હજારો યુવાનો આ વ્યવસાય પર નિર્ભર છે. જ્યારે અમેરિકા જેવો મિત્ર દેશ જ તેમના જહાજ પર હુમલો કરે અને તેમાં આપણા નાગરિકો માર્યા જાય, ત્યારે તેને માત્ર અકસ્માત કહીને છોડી શકાય નહીં. ભારતીય વિદેશ મંત્રાલયે તાત્કાલિક અમેરિકન કાર્યકારી રાજદૂતને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે, જે આવકાર્ય પગલું છે. પરંતુ હવે વિરોધથી આગળ વધીને નક્કર કાર્યવાહીની જરૂર છે.

સવાલ એ છે કે આ ટેન્કર ખરેખર ઈરાનથી તેલ લઈ જતું હતું કે કેમ અને અમેરિકાએ ઈરાન પર લગાવેલા પ્રતિબંધોના ભંગ બદલ આ હુમલો કર્યો હતો? જો એમ હોય તો પણ, આ હુમલો આંતરરાષ્ટ્રીય જળસીમામાં થયો છે અને તેમાં ભારતીય નાગરિકોના મોત થયા છે. ભારતે સ્પષ્ટપણે માંગ કરવી જોઈએ કે અમેરિકા આ ઘટનાની સ્વતંત્ર તપાસ કરે, મૃતક પરિવારોને વળતર આપે અને ભવિષ્યમાં આવી કાર્યવાહી ન થાય તેની ખાતરી આપે. સાથે જ, ભારતે તેના નાવિકો માટે યુદ્ધ ક્ષેત્ર જેવા જોખમી વિસ્તારોમાંથી પસાર થતા જહાજો માટે વીમા, સુરક્ષા પ્રોટોકોલ અને ઈમરજન્સી રેસ્ક્યુ સિસ્ટમ વધુ મજબૂત બનાવવી પડશે.

# કરમની કઠણાઈ

**પોતાના ચાર દીકરાની જમીન જાગીર વધારવા માટે એકાકી પિતરાઈને મારી નાખી પૈસે ટકે અને કુટુંબ કબીલે સમૃદ્ધ થયેલા માણસને વિધુર થયે સગા દીકરા જાકારો આપી દે છે ત્યારે તેને સમજાયું કે, 'કરેલાં કરમના બદલા ભોગવવા પડે છે.'**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

રામસિંહ બાપુની ઊંડી ઉતરેલી આંખો રામેશ્વર મંદિરમાં શિવલિંગ પર સ્થિર થઈ ગઈ હતી. એ પૂજાપાઠ કરવાના પાટલા પર એક ચિત્ત બેઠા હતા. હાથમાંની ગૌમુખીમાં આંગળીઓ વચ્ચે થંભી ગયેલી માળાના મણકા પુનઃ ફરવા માંડયા. એમના સુક્કા ફફડતા હોઠ પર પંચાક્ષર મંત્ર '' ૐ નમઃ શિવાય " નું રટણ શરૂ થઈ ગયું. શિવલિંગ પરથી ધીમેથી ખસેલી નજર દીવાલ પર ટીંગાડેલી ઝોળી પર ભાવવિભોર બનીને ફરતી રહી. બે હાથ જોડી, માથું ઝુકાવીને એ મંદિરમાં શિવ પંચાયતનની મુર્તિઓને એક પછી એક વંદી રહ્યા. વળી, એકાએક ઝોળી પર નજર સ્થિર થઈ ગઈ. પૂરી તન્મયતાથી એ જોઈ રહ્યા. આધેડવયનો પ્રસન્ન લાગતો ચહેરો, માથે હાલારી પાઘડી, વિશાળ ભાલ પરનું ત્રિપુંડ અને થોડીવાર પહેલાં કરાયેલો ચંદનનો ચાંલ્લો...


બાપુના હાથની આંગળીથી ફરતી માળાનો મણકો અચાનક થંભી ગયો.

નજર ઝોળી પર ચોટી ગઈ અને પાટલા પર પડેલી આરતીની જયોત બુઝાઈ ગઈ. દીવીમાંના દીવાનું તેજ ધીમે ધીમે ક્ષીણ થઈ ગયું. અગરબત્તીની ધૂમ્રસેર પર તેનાં વળખાતાં વલયો હવામાં ઓગળી ગયાં. બાપુની સ્તબ્ધ નજર ચમકી ઊઠી. ઝોળી પરનો હસતો ચહેરો સૂચકપણે પૂછી રહ્યો હતો : 'કઉં છું રામસિંહ દરબાર, સાંભળો છો ને તમે... ? '

દરબારે અવાકપણે હકારમાં માથું હલાવ્યું ને મનોમન બોલ્યાં : 'અરેરે, મારા પરભુ ! આ આટલાં વરસો કેડે આ તે વળી કેવી ભ્રમણા ! ! '

ઝોળી પરની તેજસ્વી આંખો પોતાના ભણી તાકી રહી હતી એ જોઈને તો એમનું અચરજ વધી ગયું.





હાથમાંની માળા અને આંગળીઓનાં ટેરવે કંપન ઉપડ્યું. હોઠ ધ્રૂજવા લાગ્યા.

મંદિરના જાળિયામાંથી તેજ લિસોટા જેવું અજવાળું પ્રવેશ્યું : 'કેમ મજામાં ને ? '

ઝોળીમાંના અપાર્થિવ ઘેરા અવાજે અકળાવી મૂક્યાં એમને, જાળિયા પાછળથી હોલો પક્ષી ઊડ્યું, ને ક્યાંય સુધી પાંખોનો ફફડાટ મંદિરમાં ગુંજતો રહ્યો.

બાપુની આંખો બળપૂર્વક મીંચાઈ ગઈ. મંદિર પર ફરકતી લાંબી ધજાનો ફફડાટ ચોમેર વ્યાપ્યો. નજીકના ઘટાટોપ વડલા પરના પક્ષીઓનો કલબલાટ વધી ગયો.

'હે મારા વા'લા....' કહેતાં જ આંખો ખુલી ગઈ.

ઉગમણે ચાંદો ઊગ્યો. મંદિરના ફળિયે કૂતરાં તો ઉંધુ ઘાલીને પડ્યાં છે.

વળી પાછો ઘેરો અવાજ સંભળાયો : ' કેમ ચાલે છે બધું ? '

' તમેય દીધો હવે દાઝ્યા પર ડામ !..' રામસિંહ દરબાર ઠપકાભરી નજરે ઝોળી સામે તાકી રહ્યાં, ને શરૂ થઈ ગયો મનોમન બબડાટ.

'તમે કે'તા'તા એ ખરેખર હાવ સાચું પડયું હો.. મારા ચાર દીકરા ને મારી જાહોજલાલી ! છતાં આ પાકટ વયે હવે મારે તો આ વગડે મહાદેવના દેરાનો આશરો ! ચારેય દીકરાઓને ખેતર , પાદર, વાડી, ઘોડી, કુટુંબ કબીલો ને જાહોજલાલી છતાં આ વિધુર બાપને જાકારો દઈ દીધો છે. મેં તો ભરજુવાનીમાં દેવદર્શન ને પૂજાપાઠ બધું જ મેલીને રાત-દા'ડો 'મારું મારું' કરીને ઘરવખરી વધારી, પૈસો ટકો વધ્યો, કુટુંબ કબીલો જમાવ્યો તે અટાણે બધી ખીચડી ખદબદીને મને જ ભારે પડી ગઈ હોં ! હવે તો થાય છે કે આ બધી જફા મેલીને મારો મહાદેવ ને બસ હું જ. દુનિયા પડે આખી ભાડમાં...!'

તેની નજર ઝોળી પરથી ખસીને પાટખા પર સ્થિર થઈ ગઈ. સહેજ ભીંજાયેલી આંખોમાં મંદિરનો સૂનકાર છવાઈ ગયો. ઘડીક, ઝોળી સામે ફરી જોયું. ઝોળી પરનો મ્લાન ચહેરો ફિક્કું હસ્યો ...

' કઉં છું... તમારા સંતાનોની જમીન વધારવા માટે, મારી જમીન જાગીરને પચાવી પાડવા ખાતર મને, એકના એક પિતરાઈને, ખેતરના શેઢે જનોઈવાઢ ઘા કરીને વેતરી નાંખ્યો ત્યારે દુનિયા પડે આખી ભાડમાં, એવું ધાર્યું હોત તો આજે કર્મની કઠણાઈના ભાડમાં ભીંસાવાનો વારો ન આવ્યો હોત..!'

રામસિંહ અનુત્તરે બની ઝોળી સામે તાકી રહ્યાં.

આંતરે દા'ડે બિલાડી કબૂતરને મોમાં ઘાલીને ભંડકિયામાં ભરાઈ જાય છે તે ગંદવાડને લીપે કશો મેળ ખાય..!' આ બિલાડી કોણ જાણે ક્યાં સંતાઈ ગઈ'તી....? હવે રોજ વહેલી સવારે ઊઠે, ગામ તળાવે નહાવા જાય, નાહી-ધોઈ મહાદેવના મંદિરે આવીને પૂજા કરવા બેસે...બોલો, આ બધું ..., સો ઉંદર મારીને મીનીબાઈ પાટ બેઠાં છે !

રામસિંહે હકારમાં માથું હલાવ્યું, આંખોના ખૂણા લૂછયા :' અટાણે તો હું આ બધુંય સમજીને બેઠો છું હોં !... પણ હવે તો પસ્તાવાનો પાર નથી...! ધોબીના કૂતરા જેવો ઘાટ થયો છે; ન ઘરનો કે ન ઘાટનો. છતાં આ મહાદેવ પાસે બેસીને મારા મનને મનાવું છું કે, કરેલાં કરમના બદલા ભોગવવા જ પડે છે.'

# ગણતરીપૂર્વકની સજ્જનતાથી સાવધ રહેવું

સમાજ માણસ સજ્જન છે કે નહિ તે નથી પૂછતો. તે હોંશિયાર છે કે નહિ એ પૂછે છે. સજ્જન હોવું અને સજ્જનતાની છાપ ઊભી કરવી બન્ને અલગ વાત છે

કૌરવો અને પાંડવો વચ્ચે સુલેહ કરાવવાનું દૂતકર્મ નિષ્ફળ ગયું. ફક્ત દુર્યોધનની જીદ અને અહંકારના લીધે મહાભારતના યુદ્ધનું એલાન થયું. બન્ને પક્ષોએ પોતપોતાની રીતે યુદ્ધની તૈયારી શરૂ કરી. અર્જુન અને દુર્યોધન શ્રીકૃષ્ણ પાસે મદદ માટે ગયા. શરત મુજબ શ્રીકૃષ્ણ ભલે યુદ્ધ ના કરે, શસ્ત્ર ના ઉઠાવે છતાં અર્જુને શ્રીકૃષ્ણને માંગી લીધા. એટલે સ્વતઃ સશક્ત, સશસ્ત્ર નારાયણી સેના દુર્યોધનને મળી ગઈ. દુર્યોધન જેમ બને તેમ તેનું સૈન્યબળ વધારવા માંગતો હતો. સૌ પ્રથમ કૃતવર્મા પાસેથી એક અક્ષૌહિણી સેનાની મદદ તેણે માંગી લીધી.

ઋતાયનના પુત્ર શલ્ય મદ્રપ્રદેશના રાજા હતા. તે પાંડવ નકુલ અને સહદેવના મામા થતા હતા. એ સંબંધે યુધિષ્ઠિરે શલ્યને યુદ્ધમાં પોતાના પક્ષે ભાગ લેવા નિમંત્રણ મોકલ્યું. આ વાતની ખબર ગુપ્તચરોએ દુર્યોધનને આપી. શકુનિ મામાની સલાહથી દુર્યોધને શલ્યને પોતાના પક્ષે લેવા બીડું ઝડપ્યું. શલ્ય પોતાની વિશાળ સેના લઈ યુધિષ્ઠિર પાસે જતા હતા. દુર્યોધને તેના મંત્રીઓ, રાજસેવકો, કારભારીઓને અડધે રસ્તેથી શલ્યની સેવા-ચાકરી કરવા મોકલી દીધા. તેમણે રસ્તા સમતલ બનાવી પાણીનો છંટકાવ કરાવ્યો. થોડે થોડે અંતરે રત્નજડિત સભાભવન તૈયાર કરાવ્યા. થાકેલા ઘોડાઓને આરામ કરવા ઘોડારની વ્યવસ્થા કરી. ભોજન માટે સ્વાદિષ્ટ મસાલેદાર વાનગીઓ બનાવનારા રસોઈયા ખડે પગે તૈયાર રખાવ્યા. દુર્યોધનના મંત્રીઓ મહારાજ શલ્યને દેવની માફક આદર આપી લળી લળીને પૂજા કરતા. સ્વર્ગના ઈન્દ્ર કરતાં પમ અધિક સન્માન શલ્યને મળે તેની તકેદારી રાખવામાં આવતી. આટલું બહુમાન, આટલો આદર, આટલો પૂજ્યભાવ, આટલી સેવા-ચાકરી જોઈને શલ્ય ગદ્ગદ્ થઈ ગયો. તે દુર્યોધનના મંત્રીઓને વારેઘડીએ કહેતો. 'આવું માન મને જિંદગીમાં કદી નથી મળ્યું. આટલી કદર કોઈએ કરી નથી. આવો ભક્તિભાવ રાખનાર માટે હું મારા પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દઉં !' બે ત્રણ વખત આવું સાંભળીને દુર્યોધન પ્રકટ થયો. તેણે શલ્યની ચરણવંદના કરી, પગ પખાળ્યા, સાષ્ટાંગ પ્રણામ કર્યા. શલ્યએ દુર્યોધનને ઊભો કરી બાથમાં ભરી લીધો. 'દુર્યોધન આજે તે મને પ્રસન્ન કરી દીધો છે. આવું બહુમાન કદી મળ્યું નથી. (ઈષ્ટાર્યો ગૃહ્યતામિતિ) દુર્યોધન, તારી જે ઈચ્છા હોય તે માંગી લે.' દુર્યોધન તો આ જ તકની રાહ જોઈ રહ્યો હતો. 'મહારાજ, તમને તો ખબર છે યુદ્ધ થવાનું છે. તમે બહાદુર છો, પરાક્રમી છો, નીડર છો, મારી એક જ ઈચ્છા છે કે આપ મારી સેનાના અધિનાયક બનો.' આ સાંભળતાં જ મહારાજા શલ્ય તંદ્રામાંથી જાગી ગયા. જોકે તેમણે કહ્યા પ્રમાણે કૌરવોના પક્ષે યુદ્ધ લડવાનું વચન આપ્યું. પણ હવે તેમને સમજાયું કે દુર્યોધનમાં આટલો અહોભાવ, આટલો ઉત્સાહ, આટલો વિવેક, આટલી નમ્રતા, આટલી કુમાશ, આટલી સંવેદનશીલતા, હૈયું ભરાઈ જાય એટલું વહાલ એક જ સમયે ક્યાંથી આવ્યું !! તે તેમને પાંડવોના પક્ષમાંથી ખેંચી કૌરવોના પક્ષમાં લેવા ઈચ્છતો હતો. તેની આ ચાલાકી, લુચ્ચાઈ અને સજ્જનતા ગણતરીપૂર્વકની હતી.

(પ્રયોજનમનુદ્દિશ્ય ન દુર્જનોપિ પ્રવર્તતે) દુર્જન માણસ હેતુ કે મતલબ વગર કોઈ કામ કરતો નથી. તે જયારે સ્વાર્થ સાધવા કોઈનો ઉપયોગ કરે છે ત્યારે તેના ચહેરા પર બેઈમાની કે ચતુરાઈની એકપણ રેખા ઉપસી ના આવે તેનું પૂરેપુરું ધ્યાન રાખે છે. જેમ એનેસ્થેસિયાનો એક ડોઝ થોડી જ મિનિટોમાં માણસને બેહોશ કરી દે એમ કપટીના કૂણા વર્તનનું વશીકરણ ભલભલાને શિથિલ કરી દે છે. દુરાચારી આપણી ઊણપની નાડ પકડી એવી સંવેદના બતાવે છે કે તેના સિવાય આપણા દરદનો ઈલાજ બીજા કોઈ પાસે ના હોય !

વિશેષ

જોકે, આ જગતમાં સંપૂર્ણ સજ્જન કોઈ ના હોઈ શકે. દરેક જીવનમાં ઈન્દ્રિયજન્ય અચ્છાઈ-બુરાઈ હોય જ છે. એકવાર બહારગામનો એક જ્યોતિષી સોક્રેટિસને મળવા આવ્યો. તે ચહેરો જોઈને વ્યક્તિનું ચરિત્ર બતાવતો હતો. સોક્રેટ્સિ તેના મિત્રો અને શિષ્યો સાથે બેઠો હતો. જ્યોતિષીએ સોક્રેટીસને જોઈને કહ્યું. 'આ માણસ ક્રોધી છે. તેના નાક નક્શાની રચના પરથી લાગે છે કે લાલચુ પણ છે. દાંત કહે છે કે દેશદ્રોહી છે. અને આંખો બતાવે છે કે તે અભિમાની પણ છે.' શિષ્યો ઉશ્કેરાય તે પહેલાં સોક્રેટીસે તેને ફી આપી વિદાય કર્યો. પછી શાંતિથી કહ્યું. 'તેની ઘણી વાતો સાચી છે. ઘણા બધા દુર્ગુણો મારામાં છે. પણપ તે ફક્ત ચહેરો જોઈ શક્તો હતો. મારામાં રહેલા ગુણ વિવેકને નહિ ! જયારથી હું મારી અંદર રહેલા આત્મતત્વને ઓળખતો થયો છું ત્યારથી જયારે દુર્ગુણ જાગે છે ત્યારે ભીતર રહેલા ચૈતસિક ગુણ-વિવેકથી તેમને નિયંત્રણમાં રાખી શકું છું.'

સુપેરે જીવવા માટે બે રસ્તા છે. એક વ્યાવહારિક જગતને જીતવા કરતાં ખુદમાં રહેલા દુર્ગુણોને જીતી નિરાંતે ખુશખુશાલ જીવવું. બીજું, જેનામાં દંભ, દુષ્ટતા, છળ-કપટ, ષડયંત્ર કે અનીતિ જેવા દુર્ગુણોનો ભાસ થાય તેનાથી સુરક્ષિત રીતે દૂર રહેવું. આપણે માનીએ કે ના માનીએ ઈશ્વર આપણને ભવિષ્યના અમંગળનો સંકેત આપે જ છે. પણ આપણી લાલચ એ સંકેતલિપિ (કોડવર્ડ) નથી ઉકેલી શકતી. આપણું કામ છે - કાન માંડી આત્માનો અવાજ સાંભળવો અને શ્રદ્ધા રાખી તે મુજબ અમલ કરવો. મહાભારતના ભીષ્મપર્વમાં કહ્યું છે.

# પૂર અને ઝંઝાવાત જેવી આફતોમાં વીમો જ સાચો સહારો

વરસાદ કુદરતની અમૂલ્ય ભેટ છે, પરંતુ જ્યારે વરસાદ મર્યાદા વટાવે ત્યારે એ જ પાણી લોકોના જીવન અને સંપત્તિ માટે સંકટ બની જાય છે. શહેરી વિસ્તારોમાં થોડા કલાકોના ભારે વરસાદથી રસ્તાઓ નદી બની જાય, ઘરોમાં પાણી ઘૂસી જાય અને ઘરવખરી, ઈલેક્ટ્રોનિક સાધનો, ફર્નિચર તથા અન્ય સામાનને મોટું નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં સરકારી સહાય મહત્વની છે, પરંતુ દરેક પરિવારને થયેલા વાસ્તવિક નુકસાનની સંપૂર્ણ ભરપાઈ સરકાર પાસેથી મળે જ એવું જરૂરી નથી. અહીં ઘર અને ઘરવખરીના વીમાનું મહત્વ સમજાય છે.

**વીમો માત્ર કાગળ પરની સુરક્ષા નથી, પરંતુ કુદરતી આપત્તિ પછી પરિવારને ફરી સામાન્ય જીવનમાં પરત લાવવાનું નાણાકીય સાધન બની શકે છે. જોકે વીમાની પોલિસી શું આવરી લે છે અને શું નથી આવરી લેતી તે અગાઉથી સમજવું એટલું જ જરૂરી છે**

વીમો માત્ર કાગળ પરની સુરક્ષા નથી, પરંતુ આપત્તિ પછી પરિવારને ફરી સામાન્ય જીવનમાં પરત લાવવાનું નાણાકીય સાધન બની શકે છે. જોકે વીમાની પોલિસી શું આવરી લે છે અને શું નથી આવરી લેતી તે અગાઉથી સમજવું એટલું જ જરૂરી છે.ગુજરાતમાં તાજેતરના ભારે વરસાદે સુરત, અમદાવાદ, નવસારી, વલસાડ સહિત અનેક વિસ્તારોમાં જનજીવનને અસર કરી છે. અનેક સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ઘરોમાં પાણી ઘૂસી ગયું. કેટલીક જગ્યાએ પાણી લાંબા સમય સુધી ઘરોમાં ભરાયેલું રહ્યું અને તેના કારણે ફર્નિચર, ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, પલંગ, ગાદલાં, કપડાં, દસ્તાવેજો અને અન્ય ઘરવખરીને નુકસાન થયું. પૂરનું પાણી ઊતરી ગયા પછી ઘરની દીવાલો, ફ્લોરિંગ, દરવાજા અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમને પણ નુકસાન થવાની શક્યતા રહે છે. એટલે કુદરતી આફત પૂરી થઈ જાય પછી પણ આર્થિક મુશ્કેલી લાંબા સમય સુધી પરિવારનો પીછો કરતી રહે છે.

સામાન્ય રીતે લોકો ઘરનો વીમો એટલે માત્ર મકાનની આગ કે ચોરી સામેની સુરક્ષા માને છે. હકીકતમાં કેટલીક ઘર વીમા પોલિસીઓમાં પૂર, ભારે વરસાદ, વાવાઝોડું, વાવાઝોડા સાથે આવતું પાણી અને અન્ય કુદરતી આફતો સામે પણ કવર ઉપલબ્ધ હોય છે. પરંતુ અહીં સૌથી મહત્વની વાત એ છે કે દરેક પોલિસીનું કવર એકસરખું હોતું નથી. કોઈ પોલિસીમાં બિલ્ડિંગ કવર હોય, તો બીજીમાં ઘરવખરીનું કવર અલગથી લેવું પડતું હોય શકે. તેથી માત્ર 'ઘરનો વીમો છે' એટલું જાણવું પૂરતું નથી; પોલિસીના દસ્તાવેજમાં પૂરથી થયેલા નુકસાન અંગેની જોગવાઈ શું છે તે સમજવું જરૂરી છે.

મકાનને થયેલા નુકસાન અને ઘરમાં રહેલા સામાનને થયેલા નુકસાન વચ્ચે પણ તફાવત છે. મકાનના કવર હેઠળ દીવાલો, છત, ફ્લોરિંગ, દરવાજા જેવી રચનાત્મક બાબતો આવી શકે છે, જ્યારે કન્ટેન્ટ અથવા ઘરવખરીના કવર હેઠળ ફર્નિચર, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અન્ય સામાન આવી શકે છે. જો કોઈ વ્યક્તિએ માત્ર બિલ્ડિંગ માટે વીમો લીધો હોય અને ઘરવખરી માટે કવર ન લીધું હોય, તો પૂરથી બગડેલા ટીવી કે ફ્રિજ માટે વળતર મળવાની શક્યતા પોલિસીની શરતો પર નિર્ભર રહેશે. એટલે પોલિસી લેતી વખતે ઘર અને ઘરવખરી બંને માટે યોગ્ય કવર પસંદ કરવું જોઈએ.

પૂર પછી સૌથી પહેલું કામ પોતાની અને પરિવારની સલામતી સુનિશ્ચિત કરવાનું છે. પાણી ભરાયેલા વિસ્તારમાં વીજળીના વાયર અથવા ખુલ્લા ઈલેક્ટ્રિકલ સાધનો જોખમી બની શકે છે. પાણી ઊતર્યા પછી જ નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરવું જોઈએ. વીમાનો દાવો કરવાનો હોય તો નુકસાનના ફોટા અને વીડિયો ખૂબ મહત્વના પુરાવા બની શકે છે. પાણી કાઢી નાખતા પહેલાં શક્ય હોય ત્યાં સુધી મકાન અને નુકસાન પામેલા સામાનની તસવીરો લેવાય તો વીમા કંપનીને નુકસાન સમજવામાં મદદ મળે છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

ઘણા લોકો નુકસાન જોઈને તરત જ બગડેલો સામાન ફેંકી દે છે. આ ઉતાવળ ટાળવી જોઈએ. જ્યાં સુધી વીમા કંપની અથવા સર્વેયર નુકસાનનું નિરીક્ષણ ન કરે ત્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી નુકસાનગ્રસ્ત વસ્તુઓ સાચવી રાખવી જોઈએ. જો સલામતી માટે તાત્કાલિક સફાઈ અથવા મરામત કરવી જરૂરી હોય તો તે પહેલાં અને પછીના ફોટા, વીડિયો, બિલ અને ખર્ચના પુરાવા સાચવવા જોઈએ. આ દસ્તાવેજો દાવાની પ્રક્રિયામાં ઉપયોગી થઈ શકે છે.વીમાનો દાવો કરતી વખતે પોલિસી નંબર, નુકસાનની વિગતો, ફોટા, વીડિયો, ખરીદીના બિલ અને જરૂરી અન્ય દસ્તાવેજો તૈયાર રાખવા જોઈએ. પોલિસીની શરતો પ્રમાણે વીમા કંપનીને નિર્ધારિત સમયમર્યાદામાં જાણ કરવી પણ જરૂરી હોઈ શકે છે. તેથી નુકસાન થયા પછી 'પછી જોઈશું' એવું કરવાને બદલે શક્ય તેટલી વહેલી તકે વીમા કંપની અથવા તેના અધિકૃત માધ્યમથી ક્લેમની જાણ કરવી વધુ યોગ્ય છે.અહીં એક મહત્વનો પ્રશ્ન એ છે કે ઘરનું નુકસાન થયું હોય તો કેટલો વીમો મળી શકે? તેનો એક જ જવાબ નથી. વળતરની રકમ પોલિસીમાં નક્કી કરેલી વીમા રકમ, નુકસાનની વાસ્તવિક કિંમત, પોલિસીની શરતો, કપાતપાત્ર રકમ અને નુકસાન કયા પ્રકારનું છે તેના આધારે નક્કી થઈ શકે છે. કેટલીક પોલિસીઓમાં જૂના સામાનના મૂલ્યની ગણતરી અલગ રીતે થાય છે, જ્યારે કેટલીકમાં નવી કિંમત અથવા અન્ય પદ્ધતિ લાગુ પડી શકે છે. તેથી પોલિસી લેતી વખતે માત્ર પ્રીમિયમ કેટલું છે તે જોવું યોગ્ય નથી; દાવા સમયે કેટલું અને કયા આધાર પર વળતર મળશે તે પણ સમજવું જોઈએ.સરકાર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને આર્થિક સહાય જાહેર થતી હોય છે, પરંતુ સરકારી સહાય અને વીમા વળતર એક જ બાબત નથી. સરકારી રાહત ઘણી વખત નક્કી કરેલા માપદંડ અને મર્યાદા પ્રમાણે આપવામાં આવે છે. બીજી તરફ, વીમો કરાર આધારિત વ્યવસ્થા છે અને તેમાં પોલિસીની શરતો પ્રમાણે દાવો નક્કી થાય છે. એટલે બંને વ્યવસ્થાને એકબીજાના વિકલ્પ તરીકે જોવાને બદલે પૂરક સુરક્ષા તરીકે જોવી જોઈએ.શહેરોમાં વધી રહેલા બાંધકામ અને કુદરતી પાણીના માર્ગોમાં થતા ફેરફારને કારણે વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન વધુ ગંભીર બની રહ્યો છે. જ્યાં થોડા કલાકના વરસાદમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે ત્યાં નાગરિક સુરક્ષા સાથે સંપત્તિ સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. આવા સમયમાં ઘરનો વીમો માત્ર મધ્યમ વર્ગ કે મોટા મકાનમાલિકો માટેની બાબત નથી. નાના ઘરવાળા પરિવારો માટે પણ તેમની આર્થિક ક્ષમતા પ્રમાણે યોગ્ય સુરક્ષા મેળવવી જરૂરી છે.

ભાડાના મકાનમાં રહેતા લોકો માટે પણ ઘરવખરીના વીમાનું મહત્વ છે. મકાનમાલિક મકાનની રચનાનું વીમા કવર લઈ શકે છે, પરંતુ ભાડૂત પાસે રહેલું ફર્નિચર, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વ્યક્તિગત સામાન અલગ સુરક્ષા માંગે છે. તેથી ભાડૂતોએ પણ પોતાની પોલિસીની જરૂરિયાત અંગે વિચારવું જોઈએ.આપત્તિ આવે પછી વીમાની જરૂરિયાત સમજાય એના બદલે આપત્તિ પહેલાં તૈયારી કરવી વધુ બુદ્ધિશાળી છે. ઘરનું અંદાજિત મૂલ્ય, ઘરવખરીની યાદી અને મોંઘી વસ્તુઓના બિલનું ડિજિટલ રેકોર્ડ રાખવો જોઈએ. મહત્વના દસ્તાવેજોની સ્કેન નકલ સુરક્ષિત ક્લાઉડ અથવા અન્ય સ્થળે રાખી શકાય. પોલિસીનું નવીનીકરણ સમયસર કરવું જોઈએ અને ઘરનું મૂલ્ય વધ્યું હોય તો કવર પણ તેની સાથે સમીક્ષા કરવું જોઈએ.

પૂર સામેનો સાચો ઉકેલ માત્ર વીમો નથી. શહેરોમાં વરસાદી પાણીના નિકાલની મજબૂત વ્યવસ્થા, કુદરતી નાળા અને તળાવોના સંરક્ષણ, ગેરકાયદે દબાણ દૂર કરવા, પૂરપ્રવણ વિસ્તારોનું વૈજ્ઞાનિક આયોજન અને સમયસર ચેતવણી વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે. પરંતુ આ બધું હોવા છતાં કુદરતી આફતનું જોખમ સંપૂર્ણપણે દૂર થઈ શકતું નથી. તેથી સરકારની આપત્તિ વ્યવસ્થા સાથે વ્યક્તિગત નાણાકીય તૈયારી પણ જરૂરી છે.આજના સમયમાં ઘરનું વીમા કવર વૈભવ નહીં, પરંતુ જોખમ વ્યવસ્થાપનનો એક ભાગ માનવું જોઈએ. ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં દર વર્ષે ભારે વરસાદ, નદીના પૂર અથવા પાણી ભરાવાની શક્યતા રહે છે, ત્યાં પરિવારોએ પોતાની સંપત્તિનું જોખમ ગંભીરતાથી આંકવું જોઈએ. પોલિસી ખરીદતાં પહેલાં 'પૂરનું કવર છે કે નહીં?', 'મકાન અને ઘરવખરી બંને આવરી લેવાય છે કે નહીં?', 'કઈ વસ્તુઓ બહાર છે?', 'ક્લેમની પ્રક્રિયા શું છે?' જેવા પ્રશ્નો પૂછવા જોઈએ.પૂરનું પાણી થોડા કલાકોમાં ઊતરી જાય છે, પરંતુ તેનો આર્થિક ઘા મહિનાઓ સુધી રહે છે. તેથી પાણી સામે માત્ર રેતીની બોરી નહીં, પરંતુ નાણાકીય સુરક્ષાની પણ દીવાલ ઊભી કરવી પડશે. વીમો નુકસાન અટકાવતો નથી, પરંતુ નુકસાન પછી પરિવારને ફરી ઊભું થવામાં મદદ કરી શકે છે. આજની અનિશ્ચિત હવામાન પરિસ્થિતિમાં સાવચેતી, યોગ્ય વીમા કવર અને વ્યવસ્થિત દસ્તાવેજીકરણ—આ ત્રણેય સાથે હોય તો કુદરતી આફતનો આર્થિક આઘાત ઘણો ઓછો કરી શકાય છે.

# એશિયન ગેમ્સ માટે ભારતે ૩૬ રમતોમાં ૫૦૪ રમતવીરોને પસંદ કર્યા : સરકારની મંજૂરીની રાહ

નવીદિલ્હી,

ગત વખત કરતાં આ વખતે એશિયન ગેમ્સમાં ભારતનો દળ ઓછો હશે. ભારતે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ૪૦ રમતોમાં ૬૬૧ સભ્યોની ટીમ ઉતારી હતી, પરંતુ આ વખતે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનએ ૩૬ રમતોમાં ૫૦૪ ખેલાડીઓને મેદાનમાં ઉતારવા માટે સરકારની મંજૂરી માંગી છે. જેમાં ૨૭૫ પુરુષો અને ૨૨૯ મહિલાઓનો સમાવેશ થાય છે.

રમતગમત મંત્રાલયની મંજૂરી બાદ, ભારતીય દળમાં વધુ ઘટાડો અથવા થોડો વધારો થઈ શકે છે. ૫૦૪ ખેલાડીઓની સાથે, ૧૬૭ કોચિંગ અને સપોર્ટ સ્ટાફ ઉપરાંત ૬૮ વધારાના ટીમ અધિકારીઓ માટે મંજૂરી માંગવામાં આવી છે.

ક્રિકેટના કદને ધ્યાનમાં રાખીને, ગત એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર પુરુષ અને મહિલા ટીમોને સૌથી મોટી સપોર્ટ સ્ટાફ ટુકડીથી સજ્જ કરવામાં આવી રહી છે.બીસીસીઆઈએ ૧૫ સભ્યોની પુરુષ ટીમ અને ૧૫ સભ્યોની મહિલા ટીમ, ૧૦ સપોર્ટ સ્ટાફ સાથે મોકલવાનો નિર્ણય લીધો છે. દેશની સૌથી વધુ ૨૨ મેડલ જીતનાર શૂટિંગ ટીમમાં સાત ગોલ્ડ મેડલ સહિત ૩૦ સભ્યોની ટીમ પણ છે, પરંતુ ૧૫ સભ્યોના સપોર્ટ સ્ટાફની વિનંતી કરવામાં આવી છે.



ફફજી લક્ષ્મણને શ્રેયસ ઐયરની આગેવાનીમાં પુરુષ ટીમના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સ્પિન બોલિંગ કોચ અને ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર સુનિલ જોશી સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે બોલિંગ કોચ રહેશે, જ્યારે અંડર-૧૯ ટીમના ડેવલપમેન્ટ કોચ ઋષિકેશ કાનિટકર બેટિંગ કોચ રહેશે. અમોલ મજુમદાર મહિલા ટીમનું નેતૃત્વ કરશે. અવિષ્કર સાલ્વી બોલિંગ કોચ રહેશે અને મુનિષ બાલી ફિલ્ડિંગ કોચ રહેશે. શુભદીપ ઘોષ પુરુષોની ટીમ માટે ફિલ્ડિંગ કોચ રહેશે. નિયમો અનુસાર, ટીમની ૩૩ ટકા તાકાત સપોર્ટ સ્ટાફને ફાળવવામાં આવે છે. મ્ઝ્રઐં એ દરેક ટીમની ૩૦ સભ્યોની ટીમ માટે ૧૦ સપોર્ટ સ્ટાફ ફાળવ્યા છે, જ્યારે વધારાના ટીમ અધિકારીઓ તરીકે ૧૦ વધારાના સપોર્ટ સ્ટાફની વિનંતી કરવામાં આવી છે.૫૦૪ ખેલાડીઓ, ૧૬૭ સપોર્ટ સ્ટાફ અને ૬૯ વધારાના ટીમ અધિકારીઓ મળીને કુલ ૭૪૦ સભ્યોની ટીમ બને છે. આમાં ચીફ ઓફ મિશન સહદેવ યાદવની આગેવાની હેઠળ ૧૯ સભ્યોની આઈઓએ ટીમનો પણ સમાવેશ થશે. આ માટે,આઈઓએ એ કુલ ૭૫૯ સભ્યોની ટીમ માટે સરકાર પાસેથી મંજૂરી માંગી છે.

# એશિયન ગેમ્સ માટે પાકિસ્તાન મહિલા ટીમના કોચ તરીકે વહાબ રિયાઝ અને ફાતિમા સના કેપ્તાની કરશે



કરાંચી,

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે યુએઈમાં આગામી એશિયા કપ અને જાપાનમાં એશિયન ગેમ્સ માટે રાષ્ટ્રીય મહિલા ટીમના મુખ્ય કોચ વહાબ રિયાઝ અને અન્ય સપોર્ટ સ્ટાફ સભ્યોને જાળવી રાખ્યા છે. પાકિસ્તાને એશિયન ગેમ્સ માટે ટીમમાં સિનિયર બેટ્સમેન આલિયા રિયાઝનો સમાવેશ કર્યો છે, પરંતુ ફરીથી સિદ્રા અમીન અને સદાફ શમ્સને અવગણ્યા છે.

નિયમિત કેપ્ટન ફાતિમા સના બંને ટુર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ કરશે. એશિયા કપ ૨૮ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે, જેમાં પાકિસ્તાનને હોંગકોંગ-ચીન, ભારત અને થાઈલેન્ડ સાથે ગ્રુપ એમાં રાખવામાં આવશે. ગ્રુપ બીમાં બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.

એશિયા કપ માટે પાકિસ્તાનની મહિલા ટીમઃ ફાતિમા સના (કેપ્ટન), આયેશા ઝફર, ઈમાન નસીર, ઈમાન ફાતિમા, ગુલ ફિરોઝા, મોમિના રિયાસત, મુનીબા અલી સિદ્દીકી (વિકેટકીપર), નાઝીહા અલ્વી, નશરા સુંધુ, સાદિયા ઈકબાલ, સાયરા જબીન, શવાલ ઝુલ્ફીકાર, તુબા હલીકાર, તુબા-હલાહ, તુબા-હલવી અખ્તર.

# ઓસ્ટ્રેલિયા હાર છતાં ડબ્લ્યુટીસી પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું : બાંગ્લાદેશ ભારતથી આગળ

ડાર્વિન,

બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. બાંગ્લાદેશે ડાર્વિનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ નવ વિકેટથી જીતી હતી. આ ઓસ્ટ્રેલિયન ભૂમિ પર ઓસ્ટ્રેલિયન ટીમ સામે બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટ જીત છે. આ મેચ હારવા છતાં, ઓસ્ટ્રેલિયાએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબ્લ્યુટીસી) પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. જોકે, ઓસ્ટ્રેલિયાએ ઉઝ હેઠળ બીજા ક્રમે રહેલા દક્ષિણ આફ્રિકા સાથે પોતાનું અંતર ઘટાડ્યું છે.



પ્રથમ ઈનિંગમાં ૨૨૮ રનની મજબૂત લીડ મેળવ્યા બાદ, બાંગ્લાદેશે બીજા ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાને ૨૮૪ રનમાં ઓલઆઉટ કરી દીધું, જેના કારણે તેમને જીત માટે ફક્ત ૫૭ રનનો સામાન્ય લક્ષ્યાંક મળ્યો. જોકે તેઓ પ્રથમ ઈનિંગના સેન્ચ્યુરિયન તનઝીદ હસન તમીમને પાંચ બોલ પછી ગુમાવી દીધા, પરંતુ મુલાકાતીઓએ ફક્ત ૧૪.૨ ઓવરમાં અને ફક્ત એક વિકેટ ગુમાવીને સરળતાથી લક્ષ્ય હાંસલ કરી લીધું. બાંગ્લાદેશ માટે આ વિજય ઐતિહાસિક છે, કારણ કે તેઓએ અગાઉ ક્યારેય ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું ન હતું.

આ ઐતિહાસિક જીતથી ઉઝ ૨૦૨૫-૨૭ ચક્ર પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશને ફાયદો થયો છે. બાંગ્લાદેશના હવે ૪૦ પોઈન્ટ છે, જ્યારે તેનો પીસીટી ૫૮.૩૩ થી ઘટીને ૬૬.૬૭ ટકા થઈ ગયો છે. બાંગ્લાદેશ હાલમાં ડબ્લ્યુટીસી પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે છે. હાર છતાં ઓસ્ટ્રેલિયા ટેબલમાં ટોચ પર છે, પરંતુ તેનો પીસીટી ઘટ્યો છે. આ મેચ પહેલા ઓસ્ટ્રેલિયાનો પીસીટી ૮૭.૫૦ હતો, જે હવે ઘટીને ૭૭.૭૭ ટકા થઈ ગયો છે. ૨૦૨૩ ઉઝ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ વર્તમાન ચક્રમાં નવમાંથી બે ટેસ્ટ હારી છે. રસપ્રદ વાત એ છે કે, ઓસ્ટ્રેલિયાની બંને હાર ઘરઆંગણે થઈ છે. ભારત ૪૮.૧૫ ટકાના પીસીટી સાથે પાંચમા સ્થાને છે.

# ઓસ્ટ્રેલિયામાં બેટ અને બોલ બંનેથી મોટી સિદ્ધિ હાંસલ કરનાર મેહદી હસન મિરાઝ પ્રથમ એશિયન સ્પિનર

ડાર્વિન,

બાંગ્લાદેશે ડાર્વિનમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો. પરંતુ આ ઐતિહાસિક જીત વચ્ચે, મેહદી હસન મિરાઝે એક એવો રેકોર્ડ પણ નોંધાવ્યો જે એશિયન ક્રિકેટ માટે ખૂબ જ ખાસ છે. બેટ સાથે અડધી સદી અને પછી બોલ સાથે માસ્ટરક્લાસ સાથે, મેહદીએ ઓસ્ટ્રેલિયન ધરતી પર નવો ઈતિહાસ રચ્યો. હકીકતમાં, આ સ્ટાર બાંગ્લાદેશી ઓલરાઉન્ડરે પ્રથમ ઈનિંગમાં નંબર ૭ પર બેટિંગ કરતી વખતે ૧૫૪ બોલમાં ૬૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ, બીજી ઈનિંગમાં બોલિંગની જવાબદારી સંભાળતા, તેણે ૬૬ રન આપીને ૫ વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયા સામે બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટ જીતમાં તેમના શાનદાર પ્રદર્શને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મેહદી હસન મિરાઝ હવે ઓસ્ટ્રેલિયામાં એક જ ટેસ્ટ મેચમાં અડધી સદી ફટકારનાર અને પાંચ વિકેટ લેનાર પ્રથમ એશિયન સ્પિનર બન્યા છે. છેલ્લા ૧૪૯ વર્ષોમાં, ફક્ત ૧૩ સ્પિનરોએ ઓસ્ટ્રેલિયાની ધરતી પર એક ટેસ્ટ મેચમાં ૫૦ થી વધુ રન બનાવવા અને પાંચ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે. આ ૧૩ ખેલાડીઓમાંથી, ચાર ઈંગ્લેન્ડના છે અને સાત ઓસ્ટ્રેલિયાના છે. મેહદી પહેલા, ન્યુઝીલેન્ડના



ભૂતપૂર્વ કેપ્ટન ડેનિયલ વેટોરી આ યાદીમાં સ્થાન મેળવનાર એશિયાની બહારના એકમાત્ર ખેલાડી હતા. નવેમ્બર ૨૦૦૪માં એડિલેડ ટેસ્ટમાં વેટોરીએ પ્રથમ ઈનિંગમાં પાંચ અને બીજી ઈનિંગમાં ૫૯ રન બનાવ્યા હતા.

મેહદી આ સિદ્ધિ મેળવનાર પાંચમો એશિયન ખેલાડી છે. તેમના પહેલા ભારતના રુસી સુરતી અને કપિલ દેવ, અને પાકિસ્તાનના વસીમ અકરમ અને આમેર જમાલે આ સિદ્ધિ મેળવી છે.

# મુકેશ ખન્નાએ 'જન ગણ મન' પર વાંધો ઉઠાવતા કહ્યું, "તે રાણી એલિઝાબેથના સન્માનમાં હતું



મુંબઈ,

મુકેશ ખન્ના તેમની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા છે. તાજેતરમાં, અભિનેતા તેમના નિવેદન માટે સમાચારમાં રહ્યા છે. તેમણે વંદે માતરમ અંગે સરકારને અપીલ કરી છે.

શક્તિમાન ફેમ મુકેશ ખન્નાએ જણાવ્યું હતું કે, "જન ગણ મન" રાણી એલિઝાબેથ ના માનમાં લખાયેલું હતું અને તે ભારતનું રાષ્ટ્રગીત નથી. તેના બદલે, તે "વંદે માતરમ" છે, જે લતા મંગેશકર દ્વારા ગાયું હતું. મુકેશ ખન્નાએ એ પણ ખુલાસો કર્યો કે તેમણે બે વર્ષ પહેલા "વંદે માતરમ" રેકોર્ડ કર્યું હતું અને ટૂંક સમયમાં તેને રિલીઝ કરશે.

મુકેશે પોતાની વાતચીતમાં આગળ કહ્યું, "ત્રણ વર્ષ પહેલાં, મેં કહ્યું હતું કે "વંદે માતરમ" ને રાષ્ટ્રગીત બનાવવું જોઈએ. આ "જન ગણ મન" આપણું નથી. રવીન્દ્રનાથ ટાગોરે આને રાણી એલિઝાબેથ દ્વિતીયના સમય દરમિયાન તેમના માનમાં ભજન તરીકે લખ્યું હતું. અમે તે સ્વીકાર્યું. "ભાગ્ય વિધાતા પંજાબ સિંધ," અરે, તે આપણું નથી. આપણું "વંદે માતરમ" છે, જે લતાજીએ ગાયું છે.મુકેશ ખન્નાએ પોતે વંદે માતરમ ગીત રેકોર્ડ કર્યું છે. તે એક વર્ષમાં તેને રિલીઝ કરશે. આગળ તેમની વાતચીતમાં, અભિનેતાએ પીએમ મોદીની પ્રશંસા કરી.

# અભિનેતાની ક્ષમતા તેમની ઉંમર અથવા તેમના સહ-કલાકારની ઉંમર દ્વારા નક્કી ન કરવી જોઈએ,સોમી અલી

મુંબઈ,

ગોવિંદા અને સુનિતા આહુજા વચ્ચેનો ઝઘડો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. દરમિયાન, "હીરો નંબર ૧" સાથે કામ કરનાર સોમી અલીએ અભિનેતાના સમર્થનમાં એક ખાસ પોસ્ટ શેર કરી. પોસ્ટમાં, અભિનેત્રીએ આ બાબતે બોલવાની અને જરૂર પડે ત્યારે ગોવિંદાને ટેકો આપવાની ઈચ્છા વ્યક્ત કરી. તેણીએ સમજાવ્યું કે તે ગોવિંદાને વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને રીતે ખૂબ સારી રીતે જાણે છે. તેણીના મતે, ગોવિંદા હિન્દી ફિલ્મ ઉદ્યોગની શ્રેષ્ઠ પ્રતિભાઓમાંની એક છે, અને તે એક સારા અભિનેતા જેટલા નમ્ર વ્યક્તિ છે.



સોમી અલીએ તેની પોસ્ટમાં લખ્યું, "હું અહીં મારા વિચારો વ્યક્ત કરવા માંગુ છું કારણ કે બીજું કોઈ આવું કરશે નહીં, પરંતુ જો જરૂર પડે તો હું ચોક્કસપણે તમને ટેકો આપીશ. હું ગોવિંદાને વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને રીતે ઓળખું છું, તેથી હું બંને દ્રષ્ટિકોણથી તેના વિશે થોડી વાતો કહી શકું છું. 'ચિચી' હિન્દી ફિલ્મ ઉદ્યોગની શ્રેષ્ઠ પ્રતિભાઓમાંની એક છે અને ઉદ્યોગમાં મારા સમયમાં મને મળેલા સૌથી નમ્ર કલાકારોમાંનો એક છે. હું ચિચી અને સુનિતા બંનેનો ખૂબ આદર કરું છું." એક અભિનેતાનું મૂલ્ય તેમની ઉંમર કે તેમના સહ-કલાકારોની ઉંમરથી નક્કી થતું નથી, પરંતુ તેમની પ્રતિભા, વ્યાવસાયીકરણ અને કામ કરતા રહેવાના દૃઢ નિશ્ચયથી નક્કી થતું નથી. પ્રતિભાની કોઈ સમાપ્તિ તારીખ હોતી નથી. જ્યારે કામ મુશ્કેલ હોય ત્યારે પણ, કામ ચાલુ રાખવાનો નિર્ણય આદરને પાત્ર છે, ઉપહાસને પાત્ર નથી. મૂલ્ય ઉંમરથી નહીં, પરંતુ પ્રતિભાથી નક્કી થાય છે.સોમી અલી, અભિનેતાના કાર્યની પ્રશંસા કરતા, તે જ પોસ્ટમાં આગળ ઉમેરે છે, "એક અભિનેતાનું મૂલ્ય તેમની ઉંમર કે તેમના સહ-કલાકારોની ઉંમરથી નક્કી થતું નથી. તે તેમની પ્રતિભા, વ્યાવસાયીકરણ અને આગળ વધવાની ઈચ્છાથી નક્કી થાય છે. જ્યારે તકો મળવા મુશ્કેલ હોય છે, ત્યારે બીજી તક મળવાની ઉજવણી કરવી જોઈએ. દરેક અભિનેતા પાસે એ સાબિત કરવાની તક હોવી જોઈએ કે તેમની પાસે હજુ પણ કંઈક અર્થપૂર્ણ છે. જે વ્યક્તિ ફક્ત કમાણી કરવાનો પ્રયાસ કરી રહી છે તેની સામે ઉંમર ક્યારેય હથિયાર ન હોવી જોઈએ." કદાચ એક અભિનેતા વિશે સૌથી પ્રશંસનીય બાબત એ છે કે જ્યારે ઉદ્યોગ અથવા અન્ય લોકો તેને કહેવાનું શરૂ કરે છે કે તે ખૂબ વૃદ્ધ છે, ત્યારે પણ તે હાર માનવાનો ઈનકાર કરે છે અને કામ કરવાનું ચાલુ રાખે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | એ | ઇ | ડ | ગુ | લા | મ | ચ | દા | ચ | લી | ૨ |
| ૨ | પ્ર | મ | ૨ | તુ | ગ | મો | અઃ | ક | ક | મ | ણે |
| વા | રી | ક્રો | ક | ફ | સા | ૨ | કી | ણે | ચા | હિ | ચી |
| વા | ઈ | ભ | હા | વા | અ | કા | ૨ | આ | ગુ | ૨ | તી |
| કા | વિ | ક | અ | ણ | પ્ર | કા | ઔ | મા | ળો | મા | કા |
| ન | વા | સા | ઈ | ગ | સા | તી | ન | પ્રા | ન | એ | ભો |
| લી | ક | ૨ | ૨ | દ | અ | રો | ક્ષ | વ | મો | અં | મા |
| બ | ખ | બ | બ | ખ | કા | વિ | ફ | ગ | બા | રી | ળ |
| મા | ગુ | કા | જ્ઞા | ક | તુ | ડ | ૨ | રો | બં | સ | મ |
| અ | મ | ન | ન | ગ | તા | મ | કા | મા | મા | ખ | કા |
| રો | ના | ક | ઝ | ન | પ | રો | બૂ | ણિ | ઉ | એ | અ |
| જી | મ | લ | ગ | લ | સ | ૨ | ઈ | શ | ણિ | દ | ક |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# બ્રેકઅપની અફવાઓ પછી ઋતિક રોશન અને સબા આઝાદ હાથમાં હાથ નાખીને જોવા મળ્યા



મુંબઈ,

અભિનેતા ઋતિક રોશન ઘણીવાર તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે જોવા મળે છે. બંને એકબીજાને પ્રેમથી ભરી દે છે. દરમિયાન, ઋતિક રોશનનો એક કથિત સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો. સ્ક્રીનશોટમાં ડેટિંગ એપ પર ઋતિક રોશનની પ્રોફાઈલ દેખાઈ. સ્ક્રીનશોટ વાયરલ થયા પછી તેમના બ્રેકઅપની અફવાઓ ફેલાઈ. આ અફવાઓ પછી, બંને ફરી એકવાર હાથ પકડીને જોવા મળ્યા.

ઋતિક અને સબાએ ૨૦૨૧ માં ડેટિંગ શરૂ કર્યું અને કરણ જોહરના ૫૦મા જન્મદિવસની પાર્ટીમાં સાથે હાજરી આપીને તેમના સંબંધોને સત્તાવાર બનાવ્યા. ઋતિકના પહેલા લગ્ન સુઝાન ખાન સાથે થયા હતા. તેમના ૨૦૧૪ માં છૂટાછેડા થયા હતા.

અભિનેતા હજુ પણ તેની ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાન સાથે સારી મિત્રતા જાળવી રાખે છે. સબા ઘણીવાર તેમની સાથે ફરતી જોવા મળે છે. ઋતિક સુઝાન ખાનના વર્તમાન બોયફ્રેન્ડ, અર્સલાન ગોની સાથે પણ સારો સંબંધ ધરાવે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, સુઝાન ખાનની બહેન, ફરાહ ખાન અલીએ સમજાવ્યું કે ભૂતપૂર્વ યુગલો એકબીજા સાથે કેવી રીતે આટલા આરામદાયક છે.

# અભિનેત્રી અનન્યા રાજનું ૨૭ વર્ષની ઉંમરે અવસાન, તેમના પરિવારે એક મહિના પછી મૃત્યુની જાણ કરી

મુંબઈ,

અભિનેત્રી અનન્યા રાજના મૃત્યુના સમાચાર સામે આવ્યા છે. આ માહિતી તેમના પરિવાર દ્વારા તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરવામાં આવી હતી. પરિવારે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે અનન્યાનું એક મહિના પહેલા ૧૫ જુલાઈના રોજ અવસાન થયું હતું. અનન્યા એક વર્ષથી વધુ સમયથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે ઝઝૂમી રહી હતી.

અનન્યા રાજના પરિવારે અનન્યા રાજના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કર્યું, "આ અનન્યાનો પરિવાર છે. ખૂબ જ દુઃખ સાથે અમે ૧૫ જુલાઈની વહેલી સવારે અનન્યાના અવસાનની જાહેરાત કરીએ



છીએ. તેણીનું નિધન શાંતિથી ઊંઘમાં થયું. એક વર્ષથી વધુ સમયથી, તે શારીરિક અને માનસિક સમસ્યાઓ સામે લડી રહી હતી, અને તે તેને દૂર કરવા માટે યોદ્ધાની જેમ લડી રહી હતી."

પોસ્ટમાં આગળ લખ્યું છે, "તે ખૂબ જ મજબૂત ઈચ્છાશક્તિ ધરાવતી છોકરી હતી અને રાણીની જેમ જીવતી હતી. બાળક, તમારી ખૂબ જ યાદ આવશે. અમે તમને બધાને વિનંતી કરીએ છીએ કે તમે તેના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરો. અને આ મુશ્કેલ સમયમાં, અમે અમારી ગોપનીયતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ."

અનન્યા રાજનું ૨૭ વર્ષની ઉંમરે અવસાન થયું. અનન્યા રાજે બોલિવૂડ ફિલ્મો ૭ અવર્સ ટુ ગો, ધ ફાઇનલ એક્ઝિટ અને ઘોસ્ટમાં કામ કર્યું. અનન્યા રાજે હિન્દી અને પ્રાદેશિક સિનેમામાં કામ કર્યું. તેણીએ ઘણા મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું.

અનન્યાની પહેલી બોલિવૂડ ફિલ્મ, ૭ અવર્સ ટુ ગો, ૨૦૧૬ માં રિલીઝ થઈ હતી. તે પછીના વર્ષે, ૨૦૧૭ માં, અનન્યા રાજની ફિલ્મ "ધ ફાઇનલ એક્ઝિટ" રિલીઝ થઈ હતી. ત્યારબાદ, ૨૦૧૯ માં, અનન્યા રાજ ફિલ્મ "ઘોસ્ટ" માં જોવા મળી હતી.

# વીરપુર સિવિલ હોસ્પિટલની સરપ્રાઈઝ વિઝિટ : ડોક્ટર-સ્ટાફની ગેરહાજરી અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત

## રાજકોટ જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષ સામંતભાઈ બાંભવાની અચાનક મુલાકાતમાં હોસ્પિટલની કામગીરીમાં ખામીઓ સામે આવી -વ્યવસ્થામાં સુધારો ન થાય ત્યાં સુધી સતત ફોલોઅપની ખાતરી

રાજકોટ

વીરપુર સામુહિક આરોગ્ય કેન્દ્રની કથળતી જતી સ્થિતિ અને દર્દીઓને પડતી હાલાકી અંગે સ્થાનિકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોને પગલે રાજકોટ જિલ્લા પંચયતના ઉપાધ્યક્ષ સામંતભાઈ બાંભવા દ્વારા વીરપુર સિવિલ હોસ્પિટલની અચાનક સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવી હતી.સ્થાનિકો દ્વારા મુખ્યત્વે એવી ફરિયાદો કરવામાં આવી હતી કે હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરો નિયમિતપણે હાજર રહેતા નથી તેમજ દર્દીઓની સારસંભાળ માટે જરૂરી નર્સિંગ સ્ટાફની હાજરી પણ પૂરતી રહેતી નથી.





જેના કારણે તાત્કાલિક સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના પરિવારજનોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

આ ફરિયાદોને ગંભીરતાથી લઈ સામંતભાઈ બાંભવાએ હોસ્પિટલની સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. અગાઉ પણ તેઓ વીરપુર આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ ચૂક્યા હોવાનું જાણવા મળે છે. હાલની અચાનક મુલાકાત દરમિયાન હોસ્પિટલની કામગીરી અને વ્યવસ્થાનું નિરીક્ષણ કરતાં કેટલીક સ્પષ્ટ ખામીઓ અને ઉણપો જોવા મળી હોવાનું તેમણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

હોસ્પિટલની વ્યવસ્થામાં સુધારો લાવવા અંગે સામંતભાઈ બાંભવાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં જોવા મળેલી બેદરકારી, સ્ટાફની ગેરહાજરી સહિતની બાબતો અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે અને આરોગ્ય વિભાગના સંબંધિત અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવશે.સાથે જ તેમણે ખાતરી આપી હતી કે, જ્યાં સુધી હોસ્પિટલની વ્યવસ્થામાં જરૂરી સુધારો નહીં આવે અને લોકોને યોગ્ય તથા સમયસર સારવાર મળી રહે તે સુનિશ્ચિત નહીં થાય, ત્યાં સુધી આ સમગ્ર મામલે સતત ફોલોઅપ લેવામાં આવશે.

વીરપુર જેવા યાત્રાધામમાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી આરોગ્ય કેન્દ્રમાં ડોકટર સહિતનો જરૂરી સ્ટાફ નિયમિત હાજર રહે અને દર્દીઓને સમયસર સારવાર મળે તેવી સ્થાનિકોની પણ મુખ્ય માંગ છે.

# રાજકોટના ત્રણ ખેલાડીઓને યોગાનો પ્રતિષ્ઠિત રમત પુરસ્કાર એનાયત

## ગુજરાતના ૧૮ પ્રતિભાશાળી યોગાસન ખેલાડીઓમાંથી ૩ને સ્થાન મળ્યું

રાજકોટ,

સ્પોર્ટ્સ, યુથ એન્ડ કલ્ચરલ એક્ટિવિટીઝ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પ્રતિષ્ઠિંત રાજય રમત પુરસ્કાર એનાયત સમારોહ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. જેમાં ગુજરાતના ગુજરાતના ૧૮ પ્રતિભાશાળી યોગાસન ખેલાડીઓની રમત પુરસ્કારો માટે પસંદગી થવા બદલ ચોમેરથી અભિનંદનવર્ષા થઇ રહી છે. જેમાં રાજકોટના ૩ ખેલાડીઓએ પણ સ્થાન મેળવ્યુ હતુ.આ ખેલાડીઓની પસંદગી જયદીપસિંહ બારિયા એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને એકલવ્ય એવોર્ડ માટે કરવામાં આવી હતી. જયદીપસિંહ બારિયા એવોર્ડ - સિનિયર વિભાગમાં અંકિત ગમઢા, કોમલ મકવાણા તેમજ જયદીપસિંહ



બારિયા એવોર્ડ - જુનિયર વિભાગમાં કાદમ્બરી ઉપાધ્યાયની આ એવોર્ડ માટે પસંદગી થઇ હતી.

ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન દ્વારા તમામ એવોર્ડ વિજેતા ખેલાડીઓ તેમજ તેમના પરિવારજનો, કોચ, જિલ્લા યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન અને તેમની સફળતામાં યોગદાન આપનાર તમામ વ્યક્તિઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.યોગાસનના ખેલાડીઓને મળતું આ પ્રતિષ્ઠિત સન્મન ગુજરાતના સમગ્ર યોગાસન પરિવાર માટે ગૌરવની બાબત છે.

ગુજરાત યોગાસન સ્પો. એસોસિયેશનના પ્રમુખ ઉદિતભાઈ શેઠ તથા સચિવ ઉમંગ ડોને તમામ એવોર્ડ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે ગુજરાતના સમગ્ર યોગાસન પરિવાર માટે આ ગૌરવની ક્ષણ છે. આપણા ખેલાડીઓની મહેનત, શિસ્ત, સમર્પણ અને રમતગમતની શ્રેષ્ઠતાને મળેલી આ માન્યતા અત્યંત પ્રેરણાદાયી છે.

# RCM નારી શક્તિ, મહિલાઓની સિદ્ધિઓ અને આત્મનિર્ભરતાની ઉજવણી

## ‘હર નારી સન્માન કી અધિકારી’ની થીમ હેઠળ આયોજિત સ્પેશિયલ વુમન્સ એકેડમી ૨૦૨૬એ દેશભરની મહિલા એસોસિયેટ બાયર્સઅને નેતાઓને સન્માન તથા પ્રેરણાનું અનોખું મંચ પૂરું પાડ્યું.

અમદાવાદ,

RCM Consumer Products Private Limited દ્વારા આયોજિત સ્પેશિયલ વુમન્સ એકેડમી ૨૦૨૬નું ભીલવાડા સ્થિત RCM Wrold ખાતે ૧૫ અને ૧૬ ઓગસ્ટ દરમિયાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું,જેનું સફળતાપૂર્વક સમાપન થયું. “હર નારી સન્માન કી અધિકારી” થીમ આધારિત આ બે દિવસીય કાર્યક્રમમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં મહિલા એસોસિયેટ બાયર્સ અને મહિલા નેતાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓની સિદ્ધિઓને સન્માનિત કરવાની સાથે આરોગ્ય, નેતૃત્વ, આત્મવિશ્વાસ, ખેલદિલી અને આત્મનિર્ભરતાને



પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત કાર્યક્રમનો પ્રારંભ માર્ચપાસ્ટ અને ધ્વજવંદન સાથે થયો હતો. આ પ્રસંગે RCMના સ્થાપક ટી. સી. છાબરા અને મેનેજિંગ ડિરેક્ટર પ્રિયંકા અગ્રવાલે ઉપસ્થિત મહિલાઓને સંબોધિત કરી પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.RCMના સ્થાપક ટી. સી. છાબરાએ જણાવ્યું:“RCMની શરૂઆતના દિવસોથી જ અમે મહિલા સશક્તિકરણનેપ્રાથમિકતા આપી છે. મહિલાઓ પોતાના પગ પર ઊભી રહી શકે અને પોતાની આગવી ઓળખ બનાવી શકે તે માટે તેમને યોગ્ય તકો પૂરી પાડવી એ RCMના મુખ્ય ઉદ્દેશોમાંનું એક રહ્યું છે. આ આત્મનિર્ભરતા માત્ર આર્થિક સ્વતંત્રતા પૂરતીમર્યાદિત નથી; તે મહિલાઓના આરોગ્ય, આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા તેમજ પરિવાર અને સમાજમાં તેમની સક્રિયભાગીદારી સાથે પણ જોડાયેલી છે. RCMના મેનેજિંગ ડિરેક્ટર પ્રિયંકા અગ્રવાલે જણાવ્યું:“સ્પેશિયલ વુમન્સ એકેડમી ૨૦૨૬નું સૂત્ર ‘હર નારી સન્માન કી અધિકારી’ મહિલાઓની શક્તિ પ્રત્યે ઈઝસ્ના સન્માન અને વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. ઘણીવાર મહિલાઓને તકો મળતી હોવા છતાં પોતાની ક્ષમતા અને આત્મવિશ્વાસ અંગે તેઓ સંકોચ અનુભવે છે.RCM મહિલાઓની પ્રતિભાને ઓળખવા અને તેને વધુ નિખારવા માટે સતત કાર્યરત છે.

# રાજ્ય વીમા નિગમની પ્રાદેશિક કચેરી હવે રાજકોટમાં કાર્યરત થશે

રાજકોટ,

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ કાર્યરત કર્મચારી રાજ્ય વીમા નિગમની પ્રાદેશિક કચોરી રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાને રજુઆત કરતા મનસુખભાઈ માંડવીયાના પ્રયાસોથી રાજકોટ ખાતે મંજૂર થતા જુદા જુદા સંગઠનો દ્વારા મનસુખભાઈ માંડવીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

ખાનગી રિસોર્ટમાં આયોજિત આ સમારોહમા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, રાજકોટ એન્જિનિયરિંગ એસોસિયેશન, વોકહાર્ટ હોસ્પિટલ,ગીરીરાજ હોસ્પિટલ ભટ્ટ લેબોરેટરી સહિત જુદી જુદી સંસ્થાઓ દ્વારા મનસુખભાઈ



માંડવીયાનો આભાર માની સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે આ વિભાગની કચેરી ચાલુ છે પરંતુ પ્રાદેશિક કચેર ના હોય જુદા જુદા સરકારી અને ખાનગી સંસ્થાઓના કર્મચારીઓને પેન્શ્રના લાભો,રોકડ સહાય,આરોગ્ય સંભાળ કે બીજા મોટા વહીવટી કામો માટે અમદાવાદ જવું પડતું હતું જેનાથી સમય ખર્વા અને ધક્કો ખાવ પડતો હતો. સૌરાષ્ટ્રમાં આ વિભાગની પ્રાદેશિક કચેરી ચાલુ થાય તે માટે ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન સહિત જુદી જુદી સંસ્થાઓ દ્વારા રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાને રજૂઆત કરતા રમેશભાઈ ટીલાળાએ આ અંગે મનસુખભાઈ માંડવીયાને રજૂઆત કરતા રાજકોટને પ્રાદેશિક કચેરી મળી છે. આભાર પ્રસ્તાવ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે આંતરરાષ્ટ્રીય તથા કાર્ગો કામગીરી તાત્કાલીક શરૂ કરવા ઉડ્ડયન મંત્રીને રજૂઆત

રાજકોટ,

વિશ્વસ્તરીય ગ્રીનફિલ્ડ રાજકોટ (હિરાસર) આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સંપૂર્ણપણે તૈયાર હોવા છતાં, તેના કાર્ગો ટર્મિનલને કાર્યરત કરવામાં તથા આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સો શરૂ કરવામાં થઈ રહેલો વિલંબ અર્થતંત્રના વિકાસમાં અવરોધરૂપ બની રહ્યો છે. આ વિલંબ સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોના વેપારને સીધી અસર કરી રહ્યો છે અને ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશની ૧૨ લોકસભા બેઠકોના અર્થતંત્રને અસર પહોંચાડી રહ્યો છે. આ ૧૨ લોકસભા મતવિસ્તારોમાં એન્જિનિયરિંગ ઉત્પાદનો, ઉદ્યોગો, સિરામિક્સે, બ્રાસ પાર્ટ્સ અને ઝવેરાત જેવા વિશ્વભરમાં જાણીતા ઔદ્યોગિક કેન્દ્રો આવેલા છે. તેમ છતાં, આ વિસ્તારોને ગંભીર સપ્લાય ચેઇન સમસ્યાઓનો સામનો કરવો પડે છે. નિકાસકારોને ઊંચી કિંમતના માલસામાનને અમદાવાદ અથવા મુંબઈ થઈને મોકલવાની ફરજ પડે છે, જેના કારણે ટ્રાન્ઝેક્શન ખર્ચમાં વધારો થાય છે અને વૈશ્વિક બજારમાં તેમની સ્પર્ધાત્મકતા પર નકારાત્મક અસર પડે છે.

ગુજરાતના મહત્વાપૂર્ણ ઔદ્યોગિક અને નિકાસ ક્ષેત્રોની સંપૂર્ણ ક્ષમતાને કોઈ વધુ વિલંબ વિના સાકાર કરવા માટે, રાષ્ટ્રીય લોજિસ્ટિક્સને પ્રાથમિકતા આપીને કાર્ગો ટર્મિનલ માટેની જરૂરી મંજૂરી/નોટિફિકેશન પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે અને હિરાસર એરપોર્ટથી સીધી આંતરરાષ્ટ્રીય દ્વિપક્ષીય ફ્લાઇટ્સ શરૂ કરવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.

# રવિવારે રાજકોટમાં વકીલોનો નેશનલ લીગલ સેમીનાર : રજીસ્ટ્રેશન શરૂ

રાજકોટ,

રાજકોટ બાર એસોસિએશન દ્વારા ગત વર્ષે યોજાયેલા સફળ નેશનલ લીગલ સેમીનાર બાદ આ વર્ષે પણ વકીલો માટે એક દિવસીય નેશનલ લીગલ સેમીનાર આગામી રવિવાર, તા. ૨૩ ઓગસ્ટના રોજ કાલાવડ રોડ સ્થિત આત્મીય કોલેજ ખાતે યોજાશે. રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમીત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, કેતન મંડ, જયેન્દ્ર ગોંડલીયા, પ્રગતિ માંકડીયા સહિતના હોદ્દેદારો દ્વારા વકીલોની માંગને ધ્યાનમાં રાખી આ આયોજન કરવામાં આવ્યું છે. સેમીનારને સફળ બનાવવા માટે ઉપપ્રમુખ સિદ્ધરાજસિંહ જાડેજા સહિત કારોબારી સભ્યો અને વિવિધ બાર એસોસિએશનના હોદ્દેદારો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.રાજકોટ બારના પૂર્વ પ્રમુખ પરેશ મારૂ, સુરેશ સાવલીયા પરેશ પાદરીયા, પંકજ દોંગા, ધર્મેશ સખીયા, વિમલ ડાંગર, અમિત ગડારા, દિલીપ મહેતા, પરાગ શાહ, રાજભા ગોહિલ, યોગેશ ઉદાણી, અનિલ કાકડીયા, હસમુખ ગોહિલ, અજય પીપળીયા, લલીત સંખવરા, બિનલબેન રવેસિયા, મહેશ્વરીબેન ચૌહાણ, દક્ષાબેન બોખાણી, સ્મિતાબેન અત્રિ, સહીતના સેમીનાર સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# ’તેરા તુજકો અર્પણ’ :રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૩૦ ગુમ/ચોરાયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કરાયા

રાજકોટ,

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચના તથા અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક અને નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ જગદીશ બાંગરવા ની માર્ગદર્શન હેઠળ શહેરમાંથી ગુમ કે ચોરી થયેલા મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકોને પરત આપવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા ’તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ યોજીને નાગરિકોને તેમના ગુમ થયેલા મોબાઈલ ફોન પરત સોંપવામાં આવ્યા હતા.

મદદનીશ પોલીસ કમિશનર બી.બી.બસીયા અને પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ.ચાવડાના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટેકનિકલ સોર્સ અને પોર્ટલમાં સતત મોનિટરિંગ કરીને ગુમ થયેલા ફોન ટ્રેસ કરવામાં આવ્યા હતા. ઓગસ્ટ મહિનામાં તા. ૦૧/૦૮/૨૦૨૬ થી ૧૫/૦૮/૨૦૨૬ દરમિયાન પોલીસે કુલ ૩૦ મોબાઈલ ફોન રિકવર કર્યા હતા, જેની અંદાજિત કિંમત રૂ. ૪,૭૮,૦૦૦/- થાય છે.

આ મુદ્દામાલ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, પી.આઈ. એમ.એલ.ડામોર તથા પી.આઈ. સી.એચ.જાદવના વરદ હસ્તે અરજદારોને સપ્રેમ પરત સોંપવામાં આવ્યો હતો. પોતાના ખોવાયેલા મોબાઈલ પરત મળતા અરજદારોએ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ અને કામગીરી કરનાર એ.એસ.આઈ. ભૂપતભાઈ કે. દેસાઈ તથા પો.કોન્સ. નજમાબેન એમ. સુમરા સહિતની ટીમનો આભાર માન્યો હતો.

# મેલેરીયા અને કમળો ફરી દેખાયા : ૧૮૮૫ નવા દર્દીની નોંધ

રાજકોટ:

રાજકોટ મહાનગરમાં છેલ્લા અઠવાડિયામાં રોગચાળામાં થોડો ઘટાડો થયો હોય તેવું આરોગ્ય શાખાના ચોપડે ચિત્ર રજુ થયું છે. અગાઉ સપ્તાહના ૨૩૦૦થી વધુ કેસ સામે રજા સહિતના દિવસોમાં અઠવાડિયામાં દર્દીઓની સંખ્યા ઘટીને ૧૮૮૫ જાહેર કરવામાં આવી છે. તો ચોમાસુ માહોલ અને મચ્છરના ઉપદ્રવ વચ્ચે ડેંગ્યુ, ચીકનગુનીયાના કોઇ કેસ નથી જે સામે મેલેરીયા અને કમળાના એક-એક દર્દીની નોંધ થઇ છે. આ સપ્તાહમાં મચ્છર ઉત્પતિ બદલ ૩૯૩ મિલ્કતધારકોને નોટીસ પણ આપવામાં આવી છે.

તા.૧૦-૮ થી ૧૬-૮ સુધીના સપ્તાહમાં શરદી-ઉધરસના ૭૮૪, સામાન્ય



તાવના ૭૯૩ અને ઝાડા-ઉલ્ટીના ૩૦૬ કેસ નોંધાયા છે. આ અઠવાડિયામાં ફિલ્ડવર્કર, અર્બન આશા વર્કર દ્વારા ૧,૧૨,૭૮૫ ઘરોમાં પોરાનાશક અને ૭૭૬ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છર ઉત્પત્તિ બદલ ચાલતા ચેકીંગમાં ૧૩૩૫ મિલ્કતોમાં ચકાસણી કરવામાં આવી હતી.

જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૧૮૬ અને કોર્મશીયલ ૨૦૭ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું પણ મેલેરીયા વિભાગે જણાવ્યું હતું.શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિલ્ડ સ્ટાફ દ્વારા સર્વેલન્સની કામગીરીમાં કુલ ૨,૨૧,૮૯૯ જેટલી વસ્તીનો સર્વે કરાયો હતો જેમાં કુલ ૬,૫૨૫ જેટલી ક્લોરીન ટેબ્લેટ તેમજ ૯૫૬ જેટલા ઓ.આર.એસ. પેકેટનું વિતરણ અને ૨,૭૮૫ જેટલા આર.સી. ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

વોર્ડ નં.૧૦:વન ડે, વન વોર્ડ કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૧૦માં સર્વેલન્સ સહિતની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૧૮૫૦૧ ઘરની મુલાકાત, ૭૯૪૩૭ પાત્રોની ચકાસણી કરતા ૬૦૭ ઘરમાં જોવા મળેલા મચ્છરોના પોરાનો નાશ કરવામાં આવ્યો હતો. તો મચ્છર ઉત્પતિ બદલ ૭૮ આસામીને નોટીસ આપી, ફીવર સર્વેમાં ૩૯ લોકોના લોહીના નમુના લેવાયા હતા.

# અદાણી કંપનીના વીજ થાંભલા સ્થાપવાના વિરોધમાં લોધિકામાં ખેડૂતોના પ્રતિક ઉપવાસ



રાજકોટઃ

ખેડૂતોના હિત અને વિવિધ ખેતીલક્ષી પ્રશ્નોને લઈને લોધિકા ખાતે ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા અદાણી વીજ કંપની દ્વારા સ્થાપિત કરવામાં આવતા વીજ થાંભલાના વિરોધમાં એક દિવસીય પ્રતિક ઉપવાસ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં લોધિકા તાલુકાના મોટી સંખ્યામાં ખેડૂતો અને સમિતિના આગેવાનો હાજર રહ્યા હતા અને વીજ થાંભલા સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. વીજ થાંભલા ઉપરાંત પાક વીમો, ટેકાના ભાવે ખરીદી અને સમયસર ખાતર ન મળવા જેવા મુદ્દે પણ ખેડૂતોએ સંઘર્ષના એંધાણ આપ્યા છે.

ખેડૂત આગેવાનોના જણાવ્યા મુજબ, પડધરી તાલુકાની જેમ લોધિકા તાલુકામાં પણ અદાણી વીજ કંપનીના વિશાળ થાંભલા ઊભા કરવામાં આવી રહ્યા છે. જેના કારણે ખેડૂતોની કિંમતી જમીન, પાક અને ખેતીકામને વ્યાપક અસર પહોંચવાની શક્યતા છે. આ પ્રશ્ન સીધો ખેડૂતોની આજીવિકા સાથે જોડાયેલો હોવાથી તંત્રે યોગ્ય વિકલ્પ શોધવો જોઈએ અને ખેડૂતોની રજૂઆતોનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ તેવી માગણી કરવામાં આવી હતી.

ઉપવાસ દરમિયાન ખેડૂતોએ સરકાર અને વીજ વિભાગ સમક્ષ માગ કરી હતી કે કામગીરી અંગે ખેડૂતો સાથે ચર્ચા કરીને ન્યાયી નિર્ણય લેવાય. સમિતિના નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ખેડૂતોના હિતને નુકસાન પહોંચાડતો કોઈપણ નિર્ણય સ્વીકારવામાં આવશે નહીં. જો પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો લોકશાહી ઢબે આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં ખેડૂતોએ સંગઠિત રહીને હક માટે અવાજ ઉઠાવવાનો સંકલ્પ કર્યો હતો. આ તકે ખેડૂત આગેવાન ભાવેશભાઈ વસોયા, લખાભાઈ સોજીત્રા, વલ્લભભાઈ પીપળીયા તેમજ રાજકીય અગ્રણી નરેન્દ્રભાઈ રાઠોડ, દિનેશભાઈ દાફડા અને લોધિકા તાલુકા પંચાયત સદસ્ય રાજેશ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૪ રાજ્યોમાં ઓપરેશનમાં શહઝાદ ભટ્ટી નેટવર્ક સાથે સંકળાયેલા ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓ દ્વારા લેવામાં આવેલી મોટી કાર્યવાહીની માહિતી આપી



નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે જણાવ્યું હતું કે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા એજન્સીઓએ પાકિસ્તાનના શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે. તેમણે કહ્યું કે ૧૪ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલા સંકલિત ઓપરેશનમાં ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને આતંકવાદી હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવવામાં આવી હતી.

શાહે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે મોદી સરકારે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ દ્વારા સમર્થિત આતંકવાદી સંગઠન શહઝાદ ભટ્ટી નેટવર્કને તોડી પાડ્યું છે અને વિનાશક હુમલાઓની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી છે. ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર, ઓપરેશન દરમિયાન ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો, પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરી સાથે ચિહ્નિત ગ્રેનેડ, પિસ્તોલ, જીવંત દારૂગોળો અને જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા સીસીટીવી કેમેરા મળી આવ્યા હતા. ગૃહમંત્રી શાહે કહ્યું કે આ રાષ્ટ્રવ્યાપી કાર્યવાહી આતંકવાદ સામે ભારતની "ઝીરો ટોલરન્સ" નીતિને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે નેટવર્ક અસંખ્ય આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતું.

દેશના અનેક ભાગોમાં ભટ્ટી સાથે જોડાયેલા મોડ્યુલોની ચાલી રહેલી તપાસ વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. ૨૫ જુલાઈના રોજ, આસામ પોલીસે જાહેરાત કરી હતી કે તેની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ધુબરી, ચિરાંગ અને બારપેટા પોલીસ સાથે મળીને પાકિસ્તાન સ્થિત નેટવર્ક સાથે જોડાયેલા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. ગુપ્ત માહિતીના આધારે ૨૪ જુલાઈના રોજ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે કામગીરી દરમિયાન પાંચ મોબાઈલ ફોન, સાત સિમ કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક, ડેબિટ કાર્ડ અને અન્ય દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

# ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં છેલ્લા ૪ મહિનામાં ૨૨ લોકોને પડી ફાંસીની સજા

## પશ્ચિમ ઉત્તર પ્રદેશના ન્યાયિક ઈતિહાસમાં એક દુર્લભ રેકોર્ડ

લખનૌ,
ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરે ન્યાયનું એક એવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે જેણે દેશનું ધ્યાન ખેંચ્યું છે. એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન, માત્ર ચાર મહિનામાં, ન્યાયાધીશ દિવાકરની કોર્ટે કુલ ૨૨ ગુનેગારોને મૃત્યુદંડની સજા ફટકારી હતી, જેમાં જઘન્ય ગુનાઓ સાથે સંકળાયેલા ૧૦ અલગ અલગ કેસોમાં ટ્રાયલ પૂર્ણ કરવામાં આવી હતી. આટલા ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં ગંભીર ગુનેગારોને મૃત્યુદંડની સજા ફટકારવી એ પશ્ચિમ ઉત્તર પ્રદેશના ન્યાયિક ઈતિહાસમાં એક દુર્લભ રેકોર્ડ માનવામાં આવે છે. આ ઝડપી નિર્ણયોએ ન્યાયિક ઈતિહાસમાં માત્ર એક નવો રેકોર્ડ જ સ્થાપિત કર્યો નથી પરંતુ જઘન્ય ગુનાઓ કરનારાઓને સ્પષ્ટ સંદેશ પણ આપ્યો છે કે કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને સૌથી કઠોર સજાનો સામનો કરવો પડી શકે છે.

કોર્ટ દ્વારા આપવામાં આવેલી કડક મૃત્યુદંડની આ શ્રેણી ૬ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ થઈ હતી. જિલ્લા સરકારી વકીલ કુલદીપ કુમારના જણાવ્યા અનુસાર, કોર્ટે પ્રખ્યાત વકીલ સમીર સફીના હત્યા કેસમાં પ્રથમ ત્રણ દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારથી, ન્યાયાધીશ રવિ કુમાર દિવાકરની કોર્ટે ગંભીર ગુનાઓ સાથે સંકળાયેલા કેસોની ઝડપી સુનાવણી કરી છે, એક પછી એક કડક ચુકાદા આપ્યા છે.

એપ્રિલથી ઓગસ્ટ સુધી દર મહિને મૃત્યુદંડની સજા, ક્યારે શું થયું છેલ્લા ચાર મહિના દરમિયાન કોર્ટ દ્વારા આપવામાં આવેલા કઠોર ચુકાદાઓની વિગતો સમાચારમાં છેઃ એપ્રિલ ૨૦૨૬ઃ ૬ એપ્રિલના રોજ, સમીર સફી હત્યા કેસમાં ત્રણ દોષિતોને ફાંસી આપવામાં આવી હતી. ત્યારબાદ ૨૮ એપ્રિલના રોજ બીજા એક જઘન્ય કેસમાં ચાર દોષિતોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

# ભારતમાં સમૃદ્ધિનો વિકાસ : ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા વધીને ૫૭૬ થઈ

## એક કરોડ કે તેથી વધુની આવક નોંધાવનારા કરદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો

નવીદિલ્હી,
ભારતમાં ઉચ્ચ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં ઝડપી વધારો જોવા મળી રહ્યો છે.એસબીઆઇ રિસર્ચના અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૬ માં ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુની વાર્ષિક આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યા ૩૯ ટકા વધીને ૫૭૬ થઈ ગઈ છે. એક વર્ષ અગાઉ, આકારણી વર્ષ ૨૦૨૫ માં, આ સંખ્યા ૪૧૫ હતી. આ વધારો દેશમાં વધતી આવક, વ્યવસાય વિસ્તરણ અને આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાનો સ્પષ્ટ સંકેત છે. અહેવાલ દર્શાવે છે કે માત્ર અતિ-ઉચ્ચ આવક જૂથ જ નહીં, પરંતુ ૧ કરોડ કે તેથી વધુની આવક નોંધાવનારા કરદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૬ માં આ શ્રેણીમાં કરદાતાઓની સંખ્યા વધીને ૫૩૫,૬૭૨ થઈ ગઈ છે, જે આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૭૧,૪૧૯ હતી. આ શ્રેણીમાં વાર્ષિક ધોરણે ૧૪% નો વધારો દર્શાવે છે.

અહેવાલ મુજબ, ટોચના આવક જૂથમાં વૃદ્ધિની ગતિ વ્યાપક ઉચ્ચ-આવક જૂથ કરતા ઘણી ઝડપી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધઘટ થઈ છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ફક્ત ૧૪૨ કરદાતાઓ હતા. ત્યારબાદ આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૩૦૧ થઈ ગઈ, જે ૧૧૨% નો મોટો વધારો દર્શાવે છે. જોકે, આકારણી વર્ષ ૨૦૨૪ માં, આ સંખ્યા થોડી ઘટીને ૨૮૪ થઈ ગઈ. જોકે, વૃદ્ધિ ફરી વધીને આકારણી વર્ષ ૨૦૨૫ માં ૪૧૫ અને આકારણી વર્ષ ૨૦૨૬ માં ૫૭૬ થઈ ગઈ. ૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આકારણી વર્ષ ૨૦૨૨ માં, આ શ્રેણીમાં ૧૯૩,૮૦૦ કરદાતાઓ હતા. આકારણી વર્ષ ૨૦૨૩ માં આ સંખ્યા વધીને ૨૬૯,૧૮૪ થઈ ગઈ. આકારણી વર્ષ ૨૦૨૪ માં, તે ૩૪૯,૯૭૪ પર પહોંચી ગઈ. આકારણી વર્ષ ૨૦૨૫ માં, આ સંખ્યા ૪૭૧,૪૧૯ હતી. આકારણી વર્ષ ૨૦૨૬ માં, આ સંખ્યા વધીને ૫૩૫,૬૭૨ થઈ ગઈ. અહેવાલ મુજબ, આકારણી વર્ષ ૨૦૨૨ ની તુલનામાં ૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. ૧૦૦ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા ચાર ગણી થઈ ગઈ છે. એસબીઆઇ રિસર્ચે તેના અહેવાલમાં ભારતીય અર્થતંત્ર માટે સકારાત્મક અંદાજો પણ વ્યક્ત કર્યા છે.

# નીતિન નવીનની નવી ટીમની જાહેરાત, ગુજરાતના પણ ૪ નેતાઓનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો

## ગુજરાતમાંથી જગદીશ પટેલ અને વર્ષાબેન દોશીને મહત્વની જવાબદારી સોંપવામાં આવી

અમદાવાદ,
ભાજપ પ્રમુખ નીતિન નવીનની નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમમાં રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વધુમાં રામ માધવને પણ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ બે સહિત કુલ ૧૩ નેતાઓને આ ભૂમિકા સોંપવામાં આવી છે. ભાજપ પ્રમુખ નીતિન નવીનની નવી ટીમની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી.



નવી રાષ્ટ્રીય ટીમમાં પાર્ટીએ રાજકીય વર્તુળોમાં લાંબા સમયથી ચર્ચાનો વિષય બનેલા અનેક નેતાઓને મુખ્ય જવાબદારીઓ સોંપી છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ ભાજપ સંગઠનમાં સ્થાન મળ્યું છે, તેમને રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતને પણ ભાજપ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને ઓડિશાના બૈજયંત જય પાંડાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગુજરાતમાંથી પણ ૪ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાંથી જગદીશ પટેલ અને વર્ષાબેન દોશીને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. વર્ષાબેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી છે, તો જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રીની જવાબદારી મળી છે. તો હેમાંગ જોશીને યુવા મોરચાના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

# ટ્રમ્પે અમેરિકન સૈન્યને દક્ષિણ કોરિયા સાથેની લશ્કરી કવાયત ઘટાડવાનો આદેશ આપ્યો

## ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણના યુએસ પ્રયાસોને સમર્થન આપવાનો ઈનકાર કરવા બદલ દક્ષિણ કોરિયાની ટીકા કરી

વોશિંગ્ટન,
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પેન્ટાગોનને દક્ષિણ કોરિયા સાથે આયોજિત સંયુક્ત લશ્કરી કવાયતોમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો આદેશ આપ્યો છે, જ્યારે વાર્ષિક કવાયત શરૂ થવાની હતી. ટ્રમ્પે આ નિર્ણયને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથેના તેમના સંબંધો સાથે જોડ્યો હતો અને ઈરાનને પરમાણુ નિઃશસ્ત્રીકરણના યુએસ પ્રયાસોને સમર્થન આપવાનો ઈનકાર કરવા બદલ દક્ષિણ કોરિયાની પણ ટીકા કરી હતી.

આ જાહેરાત ૧૬ ઓગસ્ટ, રવિવારના રોજ ૧૧ દિવસની ઉલ્ચી ફ્રીડમ શીલ્ડ કવાયત પહેલા કરવામાં આવી હતી, જે ૧૭ ઓગસ્ટથી શરૂ થવાની હતી. આ કવાયતોમાં લગભગ ૧૮,૦૦૦ દક્ષિણ કોરિયન સૈનિકો ભાગ લે તેવી અપેક્ષા હતી, જે ઉત્તર કોરિયા તરફથી સંભવિત ખતરા સામે સાથી દેશોની તૈયારીને મજબૂત બનાવવા માટે રચાયેલ છે.

ટ્રમ્પે કહ્યું કે તેમણે યુદ્ધ સચિવ પીટ હેગસેથને સંયુક્ત કવાયતોમાં "નોંધપાત્ર ઘટાડો" કરવાનો નિર્દેશ આપ્યો છે, દલીલ કરી કે આ કવાયતો ખર્ચાળ છે અને ઉત્તર કોરિયાને અયોગ્ય સંકેત મોકલી શકે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કિમ જોંગ ઉન સાથેના તેમના સંબંધો તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે ઉત્તર કોરિયા તેમના રાષ્ટ્રપતિ દરમિયાન "બિન-ધમકીભર્યું અને આદરણીય" રહ્યું હતું. તેમણે એવી પણ દલીલ કરી હતી કે પ્યોંગયાંગ દ્વારા આ કવાયતોને પ્રતિકૂળ ગણી શકાય.

ટ્રમ્પે સ્વીકાર્યું કે કવાયતો પહેલાથી જ શરૂ થવાની હતી અને કહ્યું કે તેમને સંપૂર્ણપણે રદ કરવામાં મોડું થઈ ગયું છે. તેના બદલે, તેમણે પેન્ટાગોનને તેમને પાછા ખેંચવાનો નિર્દેશ આપ્યો. ટ્રમ્પે આ પગલા માટે તેમના સ્પષ્ટીકરણમાં ઈરાન પર દક્ષિણ કોરિયાના વલણને પણ સામેલ કર્યું.

# કેન્દ્રીય મંત્રીમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે : રામદાસ આઠવલે

## મહારાષ્ટ્રના ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ મંત્રી બનશે

નાગપુર,
કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આજે નાગપુરમાં જાહેરાત કરી કે કેન્દ્રીય મંત્રીમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે. મહારાષ્ટ્રના ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ મંત્રી બનશે. આઠવલેએ કહ્યું કે શરદ પવારે ëëછમાં જોડાવું જોઈએ, અને જો શરદ પવાર જોડાતા નથી, તો તેમના આઠ સાંસદોએ જોડાવું જોઈએ.

કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આજે નાગપુરમાં એક પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કોંગ્રેસે ક્યારેય મુખ્યમંત્રી બનાવ્યા નથી. તેઓ અનુસૂચિત જાતિના છે, તેથી જ કદાચ કોંગ્રેસે તેમને ક્યારેય મુખ્યમંત્રી બનાવ્યા નથી.

કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણ વિશે બોલતા આઠવલેએ કહ્યું કે મંત્રીમંડળનું વિસ્તરણ ખૂબ જ ટૂંક સમયમાં કરવામાં આવશે. ઘણા નામો પર વિચાર થઈ શકે છે. ભાજપના કેટલાક મંત્રીઓની નિમણૂક કરવામાં આવશે, અને કેટલાક રાષ્ટ્રવાદી પક્ષના પણ નિમણૂક કરવામાં આવશે.

આઠવલેએ કહ્યું કે જ્યારે શરદ પવારની પાર્ટી અમારી સાથે જોડાશે કે નહીં તે સ્પષ્ટ નથી, ત્યારે શરદ પવારે એનડીએમાં જોડાવું જોઈએ. જો જ્યોર્જ ફર્નાન્ડિસ જોડાઈ શકે છે, તો તમે કેમ નહીં? તમારે દેશના વિકાસ માટે જોડાવું જોઈએ.

# બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન ભારતની સત્તાવાર મુલાકાતે આવે તેવી શક્યતા

## શેખ હસીનાના ભારત વિશેના જાહેર નિવેદનોથી ઉદ્ભવેલા તાજેતરના રાજદ્વારી તણાવ વચ્ચે આ પ્રસ્તાવિત મુલાકાત બનશે મહત્વપૂર્ણ

ઢાકા,
ધ ડેઈલી સ્ટારે રાજદ્વારી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન ૨૦ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટની વચ્ચે ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત લઈ શકે છે. જોકે, ઢાકા અને નવી દિલ્હી હજુ પણ તારિક રહેમાનની મુલાકાતની તારીખ અંગે વાટાઘાટો કરી રહ્યા છે. ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું છે કે પ્રસ્તાવિત મુલાકાત પર વિચારણા કરવામાં આવી રહી છે કારણ કે બંને પક્ષો દ્વિપક્ષીય બેઠક યોજવા માટે ઉત્સુક હતા. જો કે, અત્યાર સુધી, બેઠકનું સમયપત્રક નક્કી કરવામાં મુશ્કેલીઓ આવી છે. નવી દિલ્હીમાં એક રાજદ્વારી સૂત્રએ ડેઈલી સ્ટારને જણાવ્યું હતું કે, "બંને પક્ષો દ્વિપક્ષીય મુલાકાત માટે ઉત્સુક હતા, પરંતુ સમયપત્રક એક મુદ્દો હતો. વિવિધ સમયપત્રક પર વિચાર કર્યા પછી, બંને દેશોના ટોચના અધિકારીઓ ૨૦ થી ૨૫ ઓગસ્ટ વચ્ચેની તારીખો પર સંમત થવાની નજીક છે." સૂત્રને ટાંકીને, ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો છે કે હાલમાં બે સંભવિત તારીખો પર વિચારણા કરવામાં આવી રહી છેઃ ૨૦-૨૧ ઓગસ્ટ અને ૨૧-૨૨ ઓગસ્ટ. સૂત્રએ ઉમેર્યું હતું કે ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદી ઢાકામાં પોતાનું કામ ફરી શરૂ કરે તે પછી અંતિમ તારીખો નક્કી થવાની અપેક્ષા છે. જોકે, વિદેશ મંત્રાલય તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.આ વિકાસ બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ ૧૧ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે રૂબરૂ મુલાકાત કર્યા પછી થયો છે. હાઈ કમિશનરે એક દિવસ પહેલા ઢાકામાં રહેમાન સાથે મુલાકાત કરી હતી.

# યુજીસી એનઈટીની ત્રણ પરીક્ષાઓ રદ કરવા બદલ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારની ટીકા કરી

## એનટીએએ બે મહિના પછી પેપરો રદ કર્યા, દેશમાં શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ

નવીદિલ્હી,
લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ યુજીસી એનઈટીની ત્રણ પરીક્ષાઓ રદ કરવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે એનટીએએ બે મહિના પછી પેપરો રદ કર્યા. દેશમાં શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. મોદી સરકારની જેમ,એનટીએ પણ પોતાની ભૂલો સ્વીકારવાનો ઈનકાર કરે છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર કહ્યું, "મોદીજી, જુઓ તમારા એનટીએએ હમણાં શું કર્યું છે. સમાજશાસ્ત્ર, અંગ્રેજી અને વાણિજ્ય માટે યુજીસી એનઈટી પરીક્ષાઓ ૨૨ થી ૩૦ જૂન દરમિયાન યોજાઈ હતી. લગભગ બે મહિના પછી, NTA એ ત્રણેય પરીક્ષાઓ રદ કરી કારણ કે તેમાં ખોટા પેપર સેટ કરવામાં આવ્યા હતા અને જૂના પ્રશ્નોનું પુનરાવર્તન થયું હતું.

હજારો ઉમેદવારો જેમણે વર્ષોથી તૈયારી કરી, ફોર્મ ભર્યા, ફી ભરી અને દૂરના કેન્દ્રોમાં મુસાફરી કરી, તેમને હવે સપ્ટેમ્બરમાં ફરીથી આ બધું કરવું પડશે.એનટીએ ભૂલો કરે છે, પરંતુ વિદ્યાર્થીઓને તેના પરિણામો ભોગવવા પડે છે. મેં કોટા, દેહરાદૂન અને પ્રયાગરાજમાં આ કહ્યું હતું, અને હું તે કહેતો રહીશ. આ હવે શિક્ષણ પ્રણાલી નથી. તે એક 'નિષ્કર્ષણ મશીન' છે. તે



તમારા પૈસા, તમારા વર્ષો, તમારું માનસિક સ્વાસ્થ્ય અને તમારો આત્મવિશ્વાસ લે છે અને બદલામાં તમને કંઈ આપતું નથી. નોકરી પણ નહીં.એનટીએ હજુ પણ વાસ્તવિક પ્રશ્નનો જવાબ આપશે નહીં. શું આ પેપર્સ પરીક્ષા પહેલા લીક થયા હતા?" મોદી સરકારના અન્ય તમામ વિભાગોની જેમ,એનટીએ ક્યારેય પોતાની ભૂલ સ્વીકારતું નથી. બીજી બધી ભૂલભરેલી પરીક્ષાઓની જેમ, મને વિશ્વાસ છે કે આ માટે કોઈને જવાબદાર ઠેરવવામાં આવશે નહીં. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પહેલું પગલું હતું, છેલ્લું નહીં. એનટીએ નેતૃત્વને પણ જવાબદાર ઠેરવવું જોઈએ.

રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓને કહ્યું કે પીએમ મોદીએ એક એવી સિસ્ટમ બનાવી છે જે પરીક્ષાઓ યોગ્ય રીતે લઈ શકતી નથી અને પછી તેમને આપનારા વિદ્યાર્થીઓ પર દોષારોપણ કરે છે. તમારા વર્ષો ચોરાઈ રહ્યા છે, અને જ્યાં સુધી પીએમ મોદી જવાબ ન આપે ત્યાં સુધી અમે રોકાઈશું નહીં. એનટીએને ફરી એકવાર શરમનો સામનો કરવો પડ્યો છે.

# હિમાચલમાં વરસાદના કારણે ૧૧૦ રસ્તા અને ૯૧ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર બંધ

## રાજ્યમાં રસ્તા, વીજળી અને પીવાના પાણીની પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ : ૯૭૩.૧૬ કરોડનું નુકસાન

શિમલા,
હિમાચલ પ્રદેશમાં ચોમાસાના વરસાદની અસર સતત વધી રહી છે. વરસાદ અને પ્રતિકૂળ હવામાનને કારણે રાજ્યના ઘણા ભાગોમાં રસ્તા, વીજળી અને પીવાના પાણીની પુરવઠા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ૧૭ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, રાજ્યભરમાં ૧૧૦ રસ્તા બંધ, ૯૧ પાવર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર બંધ અને ૨૧૭ પીવાના પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ હતી. પાછલી સાંજના અહેવાલમાં ૧૦૯ રસ્તા, સાત ફ્રઈ અને ૨૧૬ પીવાના પાણીની યોજનાઓને અસરગ્રસ્ત તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી હતી.

વરસાદને કારણે મંડી જિલ્લામાં રોડ નેટવર્કને સૌથી વધુ અસર થઈ છે, જેમાં ૩૯ રસ્તા બંધ છે. આમાં સરાજ સબડિવિઝનમાં ૨૫, થલૌતમાં પાંચ, સુંદરનગર અને જોગીન્દરનગરમાં એક-એક, પધારમાં સાત અને સરકાઘાટમાં બે રસ્તાઓનો સમાવેશ થાય છે. કુલ્લુ જિલ્લામાં તેત્રીસ રસ્તા બંધ છે. બંજરમાં બાર રસ્તા, કુલ્લુમાં આઠ, અનીમાં પાંચ અને નિર્મંદમાં આઠ રસ્તા પ્રભાવિત થયા છે, જેના કારણે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં ટ્રાફિક પ્રભાવિત થયો છે.

ચંબા જિલ્લામાં કુલ ૧૨ રસ્તા બંધ છે, જેમાં ડેલહાઉસીમાં એક, ભરમૌરમાં બે, સલુનીમાં ત્રણ, પાંગીમાં એક અને ભાટિયાટમાં પાંચ રસ્તા બંધ છે. શિમલા જિલ્લામાં નવ રસ્તા બંધ છે, જેમાં રામપુરમાં સાત, ચૌપાલમાં એક અને સુન્નીમાં એક રસ્તા બંધ છે. સિરમૌરમાં, નાહનમાં બે, સંગ્રાહમાં ત્રણ અને રાજગઢમાં એક રસ્તા બંધ હોવાનું જાણવા મળે છે. કાંગડામાં છ, ઉનામાં ચાર અને લાહૌલ-સ્પિતિમાં એક રસ્તા બંધ છે. રિપોર્ટિંગ સમયે, કિન્નૌર, હમીરપુર અને બિલાસપુરમાં કોઈ રસ્તા બંધ થયાના અહેવાલ મળ્યા નથી.

વરસાદની અસર ફક્ત રોડ નેટવર્ક સુધી મર્યાદિત નથી. રાજ્યમાં ૯૧ DTR (પાવર ટ્રાન્સફોર્મર) બંધ છે. વધુમાં, ૨૧૭ પીવાના પાણી પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઈ છે. રિપોર્ટમાં વીજળી અને પીવાના પાણીની વ્યવસ્થા પર અસર અંગે જિલ્લા સ્તરનો ડેટા પણ નોંધવામાં આવ્યો છે. મંડીમાં સૌથી વધુ વીજ પુરવઠો વિક્ષેપિત થયો છે, જેમાં ૨૮ ડીટીઆર વિક્ષેપિત થયા છે. શિમલામાં ૨૨ અને સિરમૌરમાં ૪૧. ઘણા જિલ્લાઓમાં પીવાના પાણીની યોજનાઓમાં વિક્ષેપ પણ નોંધાયા છે.

૧૬ ઓગસ્ટ સુધીના સંચિત ચોમાસા અહેવાલ મુજબ, રાજ્યમાં કુદરતી આફતોને કારણે ૭૯ મૃત્યુ નોંધાયા છે. આમાં ભૂસ્ખલન, પૂર, ડૂબવું, વીજળી પડવી, આગ, સાપ કરડવા, ઝાડ અથવા ખડકો પરથી પડી જવા અને અન્ય કારણોનો સમાવેશ થાય છે.

# ચિતલ રેલવે સ્ટેશનને મળ્યું વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ

## અમરેલીના લાઠી ગામને વંદે ભારતનો સ્ટોપ ન મળતા સ્થાનિકોમાં નારાજગી, ટ્રેન ઊભી ન રહેતા માત્ર પસાર થતી ટ્રેનને આવકારવા સ્કૂલના બાળકોને ગોઠવી દીધા!









(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી: અમરેલી જિલ્લાના લાઠી તાલુકાને વંદે ભારત ટ્રેનનો સ્ટોપ નહીં મળતા લાઠી ગામનાં નિવાસીઓમાં નારાજગી જોવા મળી હતી. લાઠી રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત ટ્રેનને આવકારવા માટે સ્થાનિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ ટ્રેનનો લાઠી ખાતે સ્ટોપ ન હોવાથી આવકારવાના અરમાનો અધૂરા રહ્યા હતા.

લાઠી રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત ટ્રેનના સ્વાગત માટે સવારથી સ્કૂલના બાળકોને પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. જોકે, ટ્રેન સ્ટેશન પર રોકાયા વિના પસાર થઈ જતા બાળકો સહિત ઉપસ્થિત લોકો માત્ર પસાર થતી વંદે ભારત ટ્રેનને નિહાળી શક્યા હતા.

લાઠી તાલુકો રાજકીય રીતે પણ મહત્વ ધરાવે છે. સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવિયા તેમજ રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાના વતન વિસ્તારમાં આવેલા લાઠી રેલવે સ્ટેશનને વંદે ભારતનો સ્ટોપ ન મળતા સ્થાનિકોમાં રોષ અને નારાજગી જોવા મળી હતી.

સ્થાનિકોએ હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું હતું કે,લાઠી વિસ્તારના વિકાસ અને રેલવે સુવિધાઓને વેગ મળે તે માટે લાઠી રેલવે સ્ટેશન પર વંદે ભારત જેવી મહત્વની ટ્રેનનો સ્ટોપ મળવો જરૂરી છે. સ્ટોપ મળે તો લાઠી ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના મુસાફરોને પણ મોટી સુવિધા મળી શકે તેમ છે. વંદે ભારત ટ્રેન લાઠી સ્ટેશન પર ઊભી ન રહેતા સ્વાગત માટે કરાયેલી તૈયારીઓ પણ જાણે અધૂરી રહી ગઈ હતી અને સ્થાનિકોમાં 'સ્ટોપ ક્યારે મળશે?' તેવો સવાલ ઉઠ્યો છે.

આભાર - નિહારીકા રવિયા

અમરેલી જિલ્લાના ચિતલ રેલવે સ્ટેશન ખાતે શ્રાવણના પ્રથમ સોમવારે સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ મળતા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી દક્ષાબહેન ચોડવડિયા સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી વંદે ભારત એક્સપ્રેસને ચિત્તલથી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ઉર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સાબરમતી– સોમનાથ વંદે ભારત એક્સપ્રેસનો રૂટ બદલીને બોટાદ અને અમરેલી જિલ્લાને લાભ મળે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં વંદે ભારતનું સ્ટોપેજ કયા સ્થળે આપવામાં આવે તે અંગે મંથન કર્યા બાદ ચિતલ ખાતે સ્ટોપેજ આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતના માત્ર પાંચ દિવસમાં કેન્દ્રીય રેલવે મંત્રીશ્રીએ ચિતલને વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ આપ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચિતલ પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. જિલ્લામાં ચિતલ એકમાત્ર એવું ગામ છે જ્યાં સરકારની મંજૂરીથી બે પૂલ તૈયાર કરવામાં આવ્યા છે. ચિતલનો સનેડો ઉદ્યોગ સમગ્ર રાજ્યમાં પોતાની આગવી ઓળખ બનાવી ચૂક્યો છે. સનેડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૫,૦૦૦ સુધીની સબસિડી આપવામાં આવી છે. અમરેલીના શેડુભાર ખાતે નવી જી.આઈ.ડી.સીની મંજૂરી સહિતના વિકાસકાર્યો થકી અમરેલી જિલ્લો 'વિકસિત અમરેલી' બનવા તરફ આગળ વધી રહ્યો છે.

સાંસદશ્રી ભરતભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાને વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ મળતા કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં વેરાવળ–હરિદ્વાર ટ્રેનને પણ વડિયા, ચિતલ અને લાઠી ખાતે સ્ટોપેજ મળે તે માટે રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત અમરેલી–ધારી બ્રોડગેજ રેલવે રૂપાંતરણ માટે પણ કેન્દ્ર સરકાર સમક્ષ સકારાત્મક ચર્ચા થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું વેરાવળ તરફ જવા માટે સવારે ૯:૪૩ કલાકે અને સાબરમતી તરફ જવા માટે સાંજે ૬:૦૩ કલાકે ચિતલ રેલવે સ્ટેશન ખાતે આગમન થશે. ચિતલ ખાતે સ્ટોપેજ મળતા અમરેલી જિલ્લા સહિત આસપાસના વિસ્તારના નાગરિકોને ઝડપી અને આધુનિક રેલવે મુસાફરીની સુવિધાનો લાભ મળશે.

આ પ્રસંગે લીલિયા–સાવરકુંડલા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, લાઠી–બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી મહાવીરબાપુ, જિલ્લા પંચાયતના સભ્યશ્રી વિલાસબહેન દેસાઈ, અમરેલી નગરપાલિકાના પ્રમુખશ્રી વૈશાલી બહેન માંગરોળિયા, તાલુકા પંચાયતના સભ્યો, ચિતલ ગ્રામ પંચાયતના સભ્યો, સરપંચશ્રીઓ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ચિતલ ખાતે વંદે ભારત એક્સપ્રેસના સ્ટોપેજને પગલે સ્થાનિક નાગરિકો અને મુસાફરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# સાવરકુંડલા:મુખ્ય માર્ગ પર ટ્રાફિકથી નારાજગી: વાહનોને રસ્તો કાઢવામાં ભારે હાલાકી



સાવરકુંડલા: સાવરકુંડલા શહેરમાં તાલુકા પંચાયતથી મોદી હાઈસ્કૂલ સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક જામ અને બેફામ પાર્કિંગની સમસ્યાથી પરેશાન છે. માર્ગ પર વાહનોની અવરજવર વધુ રહેતી હોવા છતાં રસ્તાની બંને બાજુ વાહનો મનફાવે તેમ પાર્ક કરવામાં આવતા માર્ગની પહોળાઈ ઘટી જાય છે અને ટ્રાફિકની સમસ્યા વકરે છે.

આ માર્ગ પર ખાસ કરીને વ્યસ્ત સમય દરમિયાન વાહનોની સંખ્યા વધતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. વાહન ચાલકોને લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાવું પડે છે. જ્યારે રાહદારીઓને પણ રસ્તો પસાર કરવામાં મુશ્કેલી પડે છે. બેફામ પાર્કિંગના કારણે નાના-મોટા વાહનોને રસ્તો કાઢવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.ટ્રાફિકની આ સમસ્યાને લઈને સ્થાનિક નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોની માંગ છે કે તંત્ર અને ટ્રાફિક પોલીસ દ્વારા મુખ્ય માર્ગ પર બેફામ પાર્કિંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવા જરૂરી પગલાં લેવામાં આવે. હવે જોવાનું એ રહ્યું કે સાવરકુંડલાના નાગરિકોને રોજબરોજની આ ટ્રાફિક સમસ્યામાંથી તંત્ર ક્યારે છુટકારો અપાવે છે.

રસ્તાની બંને બાજુ બેફામ પાર્કિંગથી માર્ગ સાંકડો બને છે. જેના કારણે વ્યસ્ત સમયે ટ્રાફિક જામ સર્જાય છે અને વાહનચાલકો તથા રાહદારીઓને મુશ્કેલી પડે છે. નાગરિકોએ ટ્રાફિક પોલીસ અને તંત્ર પાસે કડક કાર્યવાહી તથા યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાની માંગ કરી છે.

# વડિયામાં હિસ્ટ્રીશીટર સુનિલ પ્રજાપતિની ધરપકડ: જામીન પર છૂટ્યા બાદ વેપારીઓને ધમકાવતો હતો

અમરેલી: વડિયા પોલીસે હિસ્ટ્રીશીટર સુનિલ ધરમશી પ્રજાપતિની ધરપકડ કરી છે. જામીન પર મુક્ત થયા બાદ તે વિસ્તારમાં વેપારીઓને ધમકાવી રહ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર પી. ડી. ગોહિલની ટીમે આ કાર્યવાહી કરી છે.સુનિલ પ્રજાપતિ વડિયા પોલીસના ચોપડે હિસ્ટ્રીશીટર તરીકે નોંધાયેલો છે અને તેને 'ત્રણ એક્કા'ની છાપ ધરાવતો શખ્સ માનવામાં આવે છે. વર્ષો અગાઉ પણ તેણે વડિયા વિસ્તારમાં દહેશત ફેલાવી હતી. તાજેતરમાં જ તેને કોર્ટમાંથી જામીન મળ્યા હતા.

જામીન પર છૂટ્યા બાદ સુનિલ કુહાડી જેવા હથિયારો સાથે ખુલ્લેઆમ ફરતો હતો. તે સ્થાનિક વેપારીઓને ડરાવી-ધમકાવીને દબાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ અંગે વડિયા પોલીસને વેપારીઓ અને સ્થાનિકો તરફથી મૌખિક તેમજ લેખિતમાં ગંભીર ફરિયાદો મળી હતી.ફરિયાદોને ગંભીરતાથી લઈ PI પી. ડી. ગોહિલ અને તેમની ટીમ તુરંત સક્રિય બની હતી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી હિસ્ટ્રીશીટર સુનિલ પ્રજાપતિને ઝડપી પાડ્યો હતો. તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડિયા પોલીસની આ ઝડપી અને કડક કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભયનો માહોલ સર્જાયો છે. બીજી તરફ, સ્થાનિક વેપારીઓ અને સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બની છે. પોલીસની આ કામગીરીને વડિયા પંથકના લોકો અને વેપારી મંડળ દ્વારા આવકારવામાં આવી રહી છે.

# નાની વડાળમાં સિંહે પશુનું મારણ કર્યું: પશુપાલકોમાં ભય



અમરેલી: સાવરકુંડલા તાલુકાના નાની વડાળ ગામે એક સિંહે રેઢિયાર પશુનું મારણ કર્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. ગામની સીમમાં સિંહની હાજરી અને પશુના મારણથી ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે.

ખાસ કરીને રાત્રિના સમયે ખેતરો અને વાડી વિસ્તારમાં જતાં પશુપાલકોમાં સિંહના હુમલાની ભીતિ વધી છે. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં સિંહની અવરજવર અંગે ચર્ચાઓ શરૂ થઈ છે.ગ્રામજનો દ્વારા આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવી છે. તેમણે સિંહની હિલચાલ પર નજર રાખવા અને જરૂરી તકેદારીના પગલાં ભરવાની માંગ કરી છે.

નાની વડાળ અને આસપાસના વિસ્તારોમાં પશુપાલકો પોતાના પશુધનને સુરક્ષિત રાખવા માટે રાત્રિના સમયે વિશેષ સાવચેતી રાખી રહ્યા છે. સિંહની સતત અવરજવરને કારણે લોકોમાં ભયનો માહોલ યથાવત છે.

# ગીર પૂર્વમાં ગેરકાયદેસર સિંહ દર્શન કરતા અમદાવાદના ત્રણ શખ્સો ઝડપાયા

## પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ અને સિંહ પજવણીનો આક્ષેપ, વન વિભાગે કાયદેસરની કાર્યવાહી કરી

(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના: ગીર પૂર્વ વન વિભાગ દ્વારા ગેરકાયદેસર સિંહ દર્શન, પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ તેમજ સિંહને પજવણી જેવી પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. નાયબ વન સંરક્ષક શ્રી વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ વન વિભાગનો સ્ટાફ ગીરના સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરી રહ્યો છે.

જસાધાર રેન્જ વિસ્તારમાં ગઈકાલે રાત્રિના સમયે બહારથી આવેલા કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરવા, પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવા તેમજ સિંહને પજવણી કરવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી હોવાની માહિતી વન વિભાગને મળી હતી. માહિતીના આધારે જસાધાર રેન્જના વન વિભાગના સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી કરી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

વન વિભાગે ઝડપી પાડેલા શખ્સોમાં અમદાવાદના નિકોલ વિસ્તારના આશિષ મનસુખભાઈ વિરાણી (ઉં.વ. ૪૦), અર્ચિત કિશોરભાઈ જિયાણી (ઉં.વ. ૨૮) અને ધવલ કિશોરભાઈ વસોયા (ઉં.વ. ૩૬)નો સમાવેશ થાય છે.

વન્યજીવ અધિનિયમ હેઠળ કાર્યવાહી

પકડાયેલા ત્રણેય શખ્સો સામે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ સહિત લાગુ પડતી અન્ય કાયદાકીય જોગવાઈઓ હેઠળ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગીર જેવા સંવેદનશીલ વન્યજીવ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓને લઈને વન વિભાગે કડક વલણ અપનાવ્યું છે.

આ સમગ્ર કામગીરી જસાધાર રેન્જના વનપાલ એમ.એચ. સોંદરવા, વનપાલ આર.એન. મોરી, વનરક્ષક ડી.એન. વાઢેલ અને વનરક્ષક એન.એસ. ગમારા દ્વારા કરવામાં આવી હતી.

વન વિભાગે પ્રવાસીઓ તેમજ બહારગામથી ગીર વિસ્તારમાં આવતા મુલાકાતીઓને અપીલ કરી છે કે ગેરકાયદેસર સિંહ દર્શન, સિંહ પજવણી અથવા વન્યજીવોને ખલેલ પહોંચાડે તેવી કોઈપણ પ્રવૃત્તિ ન કરવામાં આવે. આવી પ્રવૃત્તિ વન્યજીવો તેમજ માનવ સુરક્ષા માટે જોખમી બનવાની સાથે કાયદેસર ગુનો પણ બની શકે છે. સ્થાનિક નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે ગેરકાયદેસર સિંહ દર્શન, સિંહ પજવણી અથવા અન્ય કોઈ શંકાસ્પદ વન્યજીવ સંબંધિત પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક નજીકના વન વિભાગના અધિકારી અથવા કર્મચારીને જાણ કરે. ગીરના સિંહો અને માનવ વચ્ચેનું સહઅસ્તિત્વ જળવાઈ રહે તે માટે સૌનો સહયોગ જરૂરી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

# સુત્રાપાડા હાઈવે પર વાહન અડફેટે દીપડાનું મોત



ગીર સોમનાથ: ગીર સોમનાથ જિલ્લામાં સુત્રાપાડા-કોડીનાર સ્ટેટ હાઈવે પર સિંગસર ગામ નજીક સોમવારે રાત્રે એક દીપડાનું વાહન અડફેટે મોત થયું હતું. રોડ ક્રોસ કરી રહેલા દીપડાને અજાણ્યા વાહને ટક્કર મારતા ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, સિંગસર નજીકથી બે દીપડા પસાર થઈ રહ્યા હતા. તેમાંથી એક દીપડો પૂરઝડપે આવતા વાહનની અડફેટે આવી ગયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બીજો દીપડો અકસ્માત બાદ નજીકના વાડી વિસ્તારમાં નાસી ગયો હતો.ઘટનાની જાણ થતાં વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. મૃત દીપડાના મોતનું ચોક્કસ કારણ, અકસ્માત સર્જનાર વાહન અને ફરાર થયેલા ચાલક અંગે પણ તપાસ કરવામાં આવશે.બીજો દીપડો વાડી વિસ્તારમાં હોવાની માહિતીને પગલે વન વિભાગ માટે તેની હિલચાલ પર નજર રાખવી મહત્વપૂર્ણ બની છે.

# ખોવાયેલ રૂ.૨,૧૦,૦૦૦ના સોનાના દાગીના શોધી મુળ માલીકને પરત અપાવતી રાજુલા પોલીસ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જિલ્લાના જુદા જુદા પો.સ્ટે વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ ઝઝ્રફ કેમેરાઓની મદદથી ચોરી, વાહન અકસ્માત જેવાં બનાવો બને ત્યારે ઝઝ્રફ કેમેરાના ફુટેઝ ચેક કરી આવા બનાવો ઉકેલી નાગરીકોને મદદરૂપ થવાં સુચના અને માર્ગદર્શન આપેલ છે.

ત્યારે ગત તા.૧૫ ના રોજ રાજુલા ગામે વોરાવાડમાં રહેતા અજીજભાઇ સિરાજભાઇ મલ્લીક જેઓ બંગાળી કારીગર હોય અને તેઓ રાજુલાના વેપારીઓને મજુરીથી સોના ચાંદીના દાગીના બનાવી આપતા હોય જે પૈકી રાજુલાના એક વેપારીએ તેમને સોનાની બુટી નંગ-૨ બનાવવા ઓર્ડર આપેલ હતી. જે સોનાની બુટી તૈયાર થઇ જતાં અરજદાર વેપારીને ડીલીવરી કરવાં માટે તેઓની દુકાને જતા હતા તે દરમ્યાન તેમના ખિસ્સામાંથી સોનાની બુટી નંગ-૨ ભરેલ નાનુ બોક્સ રાખેલ તે બોક્સ કયાંક પડી ગયેલ હતુ. અને તેઓએ તેમની રીતે શોધતા મળેલ ન હોય જેથી તેઓએ રાજુલા પોલીસને જાણ કરેલ હતી.

જે અનુસંધાને રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ. વી.એમ.કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમયના CCTV ચેક કરવા અને અરજદારના ખોવાયેલ સોનાના દાગીના પરત અપાવવાં માર્ગદર્શન આપેલ હોય, જે આધારે રાજુલા ટાઉન બીટ ઈન્ચાર્જ બી.એમ.વાળા તથા પો.કોન્સ અમીતભાઇ તુળસીભાઇ મકવાણા તથા પોલીસ સ્ટાફે રાજુલા ટાઉન વિસ્તારમાં જઇ પુછપુરછ કરી અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી ફુટેઝ તેમજ હ્યુમન સ્ત્રોત ઉભા કરી માહિતી મેળવતા એક અજાણી ભિક્ષુક મહીલા આ પડી ગયેલ દાગીના નીચે નમીને લેતી જણાઇ આવેલ હતી.

જેથી રાજુલા શહેરમાં ભિક્ષાવૃતિ કરતાં લોકોને અજાણી ભિક્ષુક મહીલા બાબતે પુછપુરછ કરતાં જણાઇ આવેલ કે, આ અજાણી ભિક્ષુક મહીલા રાજુલામાં રહેતી ના હોય અને રાજુલામાં પહેલીવાર આવેલ છે. તેમ જણાવતા હોય જેથી હ્યુમન સ્ત્રોત ઉભા કરી તે અજાણી ભિક્ષુક મહીલાને રાજુલા ગ્રામ્ય વિસ્તારમાંથી શોધી મહીલાની પુછપુરછ કરતાં તેઓએ જણાવેલ કે, તેઓને એક બુટી ભરેલ નાનુ બોક્સ મળેલ છે પરંતુ તેઓને આ બુટી સાચી છે કે ખોટી તેની ખબર નથી પરંતુ તેને બોક્સ રસ્તામાં પડેલ મળેલ હોવાથી પોતાની પાસે રાખેલ હોવાનું જણાવેલ હતું. જેથી બોક્સમાં રહેલ સોનાની બુટી નંગ-૨ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦ અજીજભાઇ સિરાજભાઇની હોવાની ખરાઇ કરી મુળ માલીકને પરત સોંપી ''તેરા તુજકો અર્પણ'' સુત્રને સાર્થક કરવામાં આવેલ છે.

આમ રાજુલા પો.સ્ટે.ના જુદા જુદા વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ CCTV કેમેરાઓની મદદ તેમજ હ્યુમન સ્ત્રોત આધારે અરજદાર અજીજભાઇનું સોનાની બુટી નંગ-૨ ભરેલ નાનુ બોક્સ પરત શોધી આપી, પોલીસ ખરેખર પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરેલ હોય, અરજદાર અજીજભાઇ સિરાજભાઇએ રાજુલા પોલીસ સ્ટાફનો આભાર માન્યો હતો.

# છાપરી ગામે ૧૭ વર્ષીય યુવકનું ડૂબી જવાથી મૃત્યુ



અમરેલી: અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે એક દુર્ઘટનામાં ૧૭ વર્ષીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું છે. મૃતક યુવક વીજપડી ગામનો સાહિલ રુસ્તમભાઈ હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, સાહિલ છાપરી ગામે પાણીમાં નાહવા ગયો હતો. નાહતી વખતે તે અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.આ ઘટના બનતા જ ઘટનાસ્થળે હાજર સ્થાનિક લોકો દ્વારા યુવકને પાણીમાંથી બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જોકે, યુવકને સારવાર માટે લઈ જવાય તે પહેલાં જ તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે.બનાવની જાણ થતાં મૃતદેહને વીજપડી ખાતે લઈ જવામાં આવ્યો હતો અને ત્યારબાદ પોસ્ટમોર્ટમ માટે સાવરકુંડલા ખસેડવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાની મધ્યમાં શહેરની ઓળખ સમાન ટાવર ઘડિયાળ પાલિકાની બેદરકારીથી બંધ

સાવરકુંડલા: સાવરકુંડલા શહેરમાં નાવલી નદી કાંઠે આવેલ ઐતિહાસિક ટાવર ઘડિયાળ હાલમાં પાલિકાની બેદરકારીના કારણે બંધ હાલતમાં જોવા મળી રહી છે. શહેરની ઓળખ અને ગૌરવ સમાન ગણાતી આ ઘડિયાળ લાંબા સમયથી સમય દર્શાવતી ન હોવાથી નાગરિકો ઈચ્છે છે કે આ ઘડિયાળ ચાલુ થાય.

શહેરના મુખ્ય નદી બજાર બજાર વિસ્તારમાં આવેલ આ ટાવર ઘડિયાળ વર્ષોથી વેપારીઓ, મુસાફરો તેમજ સામાન્ય નાગરિકો માટે સમય જાણવાનું મહત્વપૂર્ણ સાધન રહી છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ઘડિયાળના કાંટા એકજ સ્થાને અટકી ગયા હોવાથી તે માત્ર શોભાના સાધન તરીકે રહી ગઈ છે.શહેરમાં આવતા બહારગામના લોકો પણ આ સ્થિતિ જોઈ પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. સ્થાનિક વેપારીઓ અને જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર અનેક વખત પાલિકા તંત્રનું ધ્યાન આ મુદ્દા તરફ દોરવામાં આવ્યું હોવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. શહેરના મધ્યભાગમાં આવેલી આ ઐતિહાસિક મિલકતની જાળવણી કરવામાં પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનું લોકો જણાવી રહ્યા છે.સાવરકુંડલાના નાગરિકોનું કહેવું છે કે ટાવર ઘડિયાળ માત્ર સમય દર્શાવતું સાધન નથી

# અજાણ્યા ઈસમો નોકરિયાતના મોબાઈલ ફોનને હેક કરી બેંક ખાતામાંથી ૩.૦૩ લાખની ઓનલાઈન છેતરપિંડી

અમરેલી: કોવાયા ટાઉનશીપ બી-૨માં રહેતા ૫૫ વર્ષીય લલીત શાતીલાલ દેવપુરાના ઁઝૈંઝૈં બેંકના સેવિંગ એકાઉન્ટમાંથી તા.૬ જુલાઈની રાત્રે ૯:૧૫થી ૯:૩૦ દરમિયાન અજાણ્યા શખ્સે તેમની જાણ બહાર રકમ ટ્રાન્સફર કરી હતી.આ દરમિયાન રૂઈજી બેંકના એક ખાતામાં અનુક્રમે ૯૭,૨૬૩, ૯૯,૫૯૮ અને ૬,૧૬૬ મળી કુલ રૂપિયા ૨,૦૩,૦૨૭ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મ્હહા ઙ્કૈહદ્ધૈક્કના ખાતામાં પણ ૪૯,૯૯૯ના બે અલગ-અલગ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૯૯,૯૯૮ ઉપાડી લેવામાં આવ્યા હતા.આમ, લલિતભાઈના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩,૦૩,૦૨૫ની રકમ ઈલેક્ટ્રોનિક માધ્યમથી અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. લલિતભાઈના જણાવ્યા મુજબ, તેમના મોબાઈલ ફોન સાથે છેડછાડ અથવા હેકિંગ કરી તેમની જાણ બહાર બેંકિંગ વ્યવહાર કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ખાસ કરીને આસામના બેંક ખાતા ધારક તરીકે સાજન અહેમદ બારભુઈયાનું નામ સામે આવ્યું છે. જે ખાતામાં ટ્રાન્સફર થયેલી રૂપિયા ૯૯,૯૯૮ની રકમ અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.